॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટા

વિરચિત

# ગુણવિમર્શ

: સંપાદક :

શ્રી ધીરેશભાઈ હરમુખભાઈ જોગી

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

- પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
  હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
  કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
  જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
  ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪
  Email : hariommota1@gmail.com
  Website : www.hariommota.org


© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.


- **આવૃત્તિ**

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|
| પ્રથમ | ૧૯૭૪ | ૧૨૫૦ |
| બીજી | ૧૯૯૪ | ૧૦૦૦ |
| ત્રીજી | ૨૦૧૩ | ૧૦૦૦ |

- **પૃષ્ઠ :** ૧૨+૬૮=૮૦
- **કિંમત :** રૂ. ૫/-
- **મુદ્રણશુદ્ધિ :** જયંતીભાઈ જાની, ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮
- **ડિઝાઈનર :** મયૂર જાની, (મો.) ૯૪૨૮૪૦૪૪૪૩
- **પ્રાપ્તિસ્થાન :**
  (૧) હરિઃૐ આશ્રમ, જહાંગીરપુરા, સુરત-૩૯૫ ૦૦૫.
  (૨) હરિઃૐ આશ્રમ, પો.બૉ.નં.૭૪, નડિયાદ-૩૮૭ ૦૦૧.
- ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
  ૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
  ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯
- **મુદ્રક : સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
  સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ,
  અમદાવાદ - ૩૮૦ ૦૨૨, ફોન : ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (ત્રીજી આવૃત્તિ)

હરિઃૐ આશ્રમ, સુરતની પ્રથમ મુલાકાત સામાન્ય સેવકના યોગથી પામનાર અને તે વેળાએ જ પ્રથમ મૌન અનુષ્ઠાનનો નિર્ણય કરનાર અને મૌન ઓરડાની અંદર પૂ.શ્રીમોટાની અનેરી ઝાંખીનાં દર્શન પામનાર, પોતાના જીવનમાં વિશાળ પરિવારની જવાબદારી સાથે પ્રગતિ કરનાર, નિઃસ્વાર્થભાવે હોદ્દા વિના નડિયાદ અને સુરત આશ્રમની સેવા કરનાર, બાદમાં સુરત આશ્રમના ટ્રસ્ટી, પ્રમુખપદે નિઃસ્વાર્થ સેવાઓ આપી નિવૃત્ત થનાર, જ્ઞાનમાર્ગના પ્રખર અભ્યાસુ, આંતરિકપણે ઉગ્ર સાધના કરનાર સાધક જીવ, જેઓ પોતાના જીવતરનો પાછલો જન્મ 'જીવનવિકાસ'ના માર્ગે સિદ્ધ કરી ગયા છે અને જેમને સવિશેષ પૂ.શ્રીમોટાનું **ગુણવિમર્શ** પુસ્તક ખૂબ જ પ્રિય હતું એવા

**સદ્‌ગત શ્રી મનસુખભાઈ ત્રિભોવનદાસ જોષી**
**અને તેમનાં ધર્મપત્ની**
**શ્રીમતી અનસૂયાબહેન મનસુખભાઈ જોષીને**

**'ગુણવિમર્શ'**ની આ ત્રીજી આવૃત્તિનું પ્રકાશન પ્રેમપૂર્વક અર્પણ કરતાં અમો આનંદની લાગણી અનુભવીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનો ૭૫મો સાક્ષાત્કારદિન — **ટ્રસ્ટીમંડળ,**
તા. ૨૦-૪-૨૦૧૩, રામનવમી — હરિઃૐ આશ્રમ, સુરત
સં. ૨૦૬૯

## શ્રી (નાના) અમૃતલાલ ગોવિંદભાઈ પટેલ (નરોડા)ને

# સપ્રેમ સમર્પણાંજલિ

(અનુષ્ટુપ)

શિશુકાળથી સદ્‌ભાગ્યે મળ્યા કૃપાથી મુજને,
કેવી સલાહ લેતા'તા! ને તેમ વર્તતા તમે. ૧
છેક નાનકડો ધંધો જેનો હિસાબ કૈં જ ના,
ત્યારથી કેવી કેવી તે રીતે આગળ તો વધ્યા. ૨
હરિ પરે ધરી શ્રદ્ધા, ઉદ્યમ, ખંત, ધીરજે,
ધરી અપાર ઉત્સાહ વ્યાપારે એકનિષ્ઠ થૈ;
આશીર્વાદ થકી કેવા આધારથી કૃપા પરે,
એકધારા તમે મંડ્યા રહી, ફાવ્યા કર્યા તમે. ૩-૪
ગણતરી પૂરેપૂરી ચોક્સાઈ મૂલ્ય અર્થની
-કસી પ્રત્યેકની, કેવો પાડ્યો અભ્યાસ દિલથી! ૫
મનની સમતુલા જ્યાં જ્યારે તૂટેલ પૂર્ણ છે,
ત્યારે 'કોઈક'ની સ્‌હાયે કેવા સ્મર્યા હરિ હ્રદે ! ૬
ઊગર્યા ને બચેલા છો શક્તિ કોઈકની વડે,
ને હજી નામ જે લો છો, તેનો લાભ અપાર છે. ૭
આત્મવિશ્વાસ સંપૂર્ણ ધરીને હરિની પરે,
ઝુકાવતા સદા ર્‌હેજો હૈયે હિંમત ધારીને. ૮
શી પરમાર્થમાં સ્‌હાય તમે કરેલ જે મને !
બદલો શકું ના વાળી તેનો કશોય તો જગે. ૯
આપી, આપી, હું આપી શું શકું ? સાવ ગરીબ છું,
સમર્પણાંજલિ અર્પું ભાવથી સ્તવીને ઊંડું. ૧૦

હરિઃૐ આશ્રમ, નડિયાદ **-મોટા**
તા. ૨૩-૧૨-૭૩

# સંપાદકના બે બોલ

(પ્રથમ આવૃત્તિ)

આપણા જીવનમાં ગુણવિમર્શ એ મહત્ત્વનો ભાગ ભજવે છે. આપણામાં કહેવત છેને કે 'જેવી સંગત તેવી રંગત' અથવા 'જેવી સોબત તેવી અસર.'

એક વખત પૂજ્ય શ્રીમોટાને મેં વિનંતી કરી કે 'મોટા, તમે મને 'ગુણ ઉપર થોડું થોડું લખવાની કૃપા કરો તો જીવનના સુવિચારનું ભાથું મને મળ્યા કરે અને તેના વાંચનથી જીવન જીવવાની મને પ્રેરણા મળે.''

પૂજ્યશ્રીએ મારી વિનંતી સહર્ષ સ્વીકારી અને ગુણ ઉપર ચાર ચાર, છ છ લીટીઓનાં લખાણ એક પોસ્ટકાર્ડમાં મારી ઉપર આવતાં થયાં. દરેક પોસ્ટકાર્ડમાં ચાર ચાર, છ છ લીટીનું લખાણ આવતું એટલે લખાણનું પોસ્ટકાર્ડ આવતાં જ તુરંત તે વાંચી જતો અને મારું અંતર આનંદથી ઊભરાતું. આ વેળા જો મારી સાથે કોઈ બેઠા હોય તો તેમને પણ તે વાંચવા આપતો અને તેઓ પણ તે વાંચીને રાજી થતા.

પછી તો જેમણે જેમણે આ પોસ્ટકાર્ડમાં લખાણો વાંચેલાં તેઓ અવારનવાર મળે ત્યારે પૂછતા કે 'ધીરેશભાઈ, પૂજ્ય શ્રીમોટાનાં વધુ લખાણો આવ્યાં કે ?' હું, તેમને તેમણે ના વાંચ્યાં હોય તે પોસ્ટકાર્ડો આપતો. અને આ રીતે 'ગુણવિમર્શ'નું વાચકવૃંદ

ધીમે ધીમે વધતું ગયું અને સૌને તેમાં રસ પડવા લાગ્યો. પછી તો 'સાંઈસુમન'માં આ 'ગુણવિમર્શ'નાં લખાણો પ્રસિદ્ધ થયાં અને સૌને તે ગમવા લાગ્યાં.

આ ઉપરથી મને થયું કે જે લખાણો મને એકલાને જ નહિ પણ સૌને ગમ્યાં છે, તે લખાણો એકાદ નાનકડી પુસ્તિકારૂપે પ્રસિદ્ધ થાય તો જીવન જીવવા બાબતમાં સૌને તે પ્રેરણારૂપ બને. તેથી, પૂજ્ય શ્રીમોટાને મેં પુસ્તિકા છપાવવા માટે વિનંતી કરી અને તેના પરિણામરૂપે **'ગુણવિમર્શ'**ની આ પુસ્તિકા આજે આપના હાથમાં આવે છે. પૂજ્યશ્રીનાં આ લખાણોએ જેવી મને પ્રેરણા આપી છે તેવી પ્રેરણા જે કોઈ આ 'ગુણવિમર્શ'નાં લખાણો વાંચશે તેને મળશે તેવી મારી ખાતરી છે. પૂજ્યશ્રીએ જે ઉમળકાથી આ 'ગુણવિમર્શ'નાં લખાણના પત્રો લખ્યા છે, તે માટે તેમનો હું ખરેખરો આભારી અને ઋણી છું.

વેલાર્ડ વ્યુ-૧૦મે માળ, એ બ્લોક,
૨૦, તારદેવ, મુંબઈ-૩૪.
તા. ૧૦-૧૦-૧૯૭૩

**- ધીરેશભાઈ જોગી**

# લેખકના બે બોલ

(પહેલી આવૃત્તિ)

એક્સપ્રેસ વૉચ કંપનીવાળા શ્રી ધીરેશભાઈ જોગીએ એકવાર કહ્યું કે, ‘મોટા, રોજ ને રોજ મને કંઈ બોધ થાય એવું પોસ્ટકાર્ડમાં લખી મોકલો તો ઉત્તમ.’ તેથી, તે ભાઈને મેં રોજ ને રોજ લખવા માંડ્યું. લગભગ સોએક જેટલા કાગળો મેં તે ભાઈને લખ્યા હશે.

તે કાગળો ભાઈ ધીરેશભાઈએ શ્રી શંકરલાલ મામાને આપ્યા, અને તેમણે તે કાગળો મુંબઈથી પ્રકાશિત થતા ‘સાંઈસુમન’ સામયિકના આગલા પાના પર છપાવવા માંડ્યા.

ભાઈ ધીરેશભાઈની ઇચ્છા કે આ બધું લખાણ છપાય અને પ્રસિદ્ધ થાય તો કોઈકના પણ વાંચવામાં આવે અને શ્રીહરિકૃપાથી કોઈકના હૃદયમાં કંઈક સમજણ અને ભાવ પ્રગટે, તો તેના જીવનમાં ફેરપલટો પ્રભુકૃપાથી કદાચ થઈ જાય.

શ્રી ધીરેશભાઈની એવી મરજી હોવાથી આવું બધું લખાણ, જોકે તેમને અંગત રીતે લખાયું હતું તે, પ્રસિદ્ધિને પામે છે, એ આનંદની હકીકત છે.

આ બધી કડીઓ ઓચિંતી જ લખાયેલી છે, અને જેમની તેમ કંઈ પણ મઠાર્યા વિના છપાવા આપી દીધી છે. સદ્ભાવી યોગ્ય ગ્રહણ કરશે અને જે ફોતરાં જેવું લાગે તે ફેંકી દેશે. આ

બધું લખાણ એકદમ સરળ અને વાંચતાં જ સમજાય તેવું છે.

કવિની શૈલીથી કે પ્રભાવથી, સાહિત્યસર્જનની છટાથી, કળાથી કે તેના એવા રસથી આ લખાણ લખાયું નથી. જીવનને અનુભવવા જતાં માર્ગમાં જે જે મળ્યું તેનું આ દોહન છે. આમાં લખેલો કોઈ પણ ગુણનો વિચાર એ કોઈ કલ્પનાનો કે અનુમાનનો તારવેલો નથી. શ્રીહરિકૃપાથી આ લખાયું છે અને તે પણ ઓચિંતું. આવું બધું હું બોલતો હોઉં અને કોઈ લખી લેતું હોય તેવો અનુભવ તો કેટલાંયને છે. અનુષ્ટુપ છંદ એ તો મને ભગવાનની સહજ કૃપાપ્રસાદી છે.

આને હું કાવ્ય તો લેખતો જ નથી, આ માત્ર જોડકણાં જ છે. ભાઈ ધીરેશભાઈની ઇચ્છા આ રીતે સફળ થાય છે, તે પણ આનંદની વાત છે.

નરોડા, તા. ૨૨-૧૦-૧૯૭૩ **-મોટા**

# નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા પ્રેરિત લોકકલ્યાણની પ્રવૃત્તિ પાછળનું ધ્યેય પ્રજામાં ગુણ અને ભાવ વિકસે અને સક્રિય બને એ છે. પૂજ્ય શ્રીમોટાએ ગુણવિકાસને કેંદ્રમાં રાખીને છૂટાં છવાયાં ચરણો લખેલાં. એ બધા શ્લોકોને ગ્રંથસ્થ કરી, પ્રકાશિત કરવાનું ભાઈશ્રી ધીરેશભાઈ જોગીના દિલમાં ઊગ્યું. તેમના કુટુંબે આ પુસ્તકની છપામણીનો ખર્ચ આપી અને વેચી આપવાની પણ તત્પરતા દર્શાવી. એથી, આ નાનકડું પુસ્તક પ્રકાશિત થઈ શક્યું છે. એ માટે અમો તેઓનો ઘણો ઘણો આભાર માનીએ છીએ.

આ બધાં જોડકણાંને શ્રી રમેશભાઈ ભટ્ટે ચીવટપૂર્વક શ્રમ લઈને પ્રકરણવાર વિભાગમાં શક્ય તેટલા યોગ્ય ક્રમમાં ગોઠવી આપ્યાં છે, તે માટે અમો એમના ઘણા આભારી છીએ.

આ પુસ્તકના પરિશિષ્ટમાં શ્રીમદ્ ભગવદ્ગીતામાં નિરૂપેલા ગુણનું પૂજ્ય શ્રીમોટાએ કરેલું સરળ વિવરણ પણ મૂક્યું છે. વળી, પૂજ્ય શ્રીમોટાએ જીવનવિકાસ ખાતર ગુણ સંવર્ધન થાય એ કાજે સ્વજનોને કેટલીક પ્રાર્થનાઓ લખી આપેલી, એ તથા બીજી પ્રાર્થનાઓ પણ એકત્ર કરીને આ પુસ્તકના પરિશિષ્ટમાં મૂકી છે.

ગુણ વિશેની સમજ આપતું અને એ મુજબ જીવવાની પ્રેરણા આપતું આ નાનકડું પુસ્તક સૌ કોઈને ઉપયોગી બને એવું છે. પૂજ્ય શ્રીમોટાનાં અન્ય પુસ્તકોની જેમ આ પુસ્તક પણ સૌ કોઈ ખરીદીને વાંચે એવી આશા છે, કેમ કે પૂજ્ય શ્રીમોટાનાં તમામ પુસ્તકોની પૂરેપૂરી આવક લોકકલ્યાણનાં-પરમાર્થનાં કાર્ય પાછળ જ ખર્ચાય છે.

આ પુસ્તકનું છાપકામ ત્વરાથી અને ખંતપૂર્વક કરી આપવા બદલ અમે એલેમ્બિક પ્રેસ, વડોદરાના ઘણા ઘણા આભારી છીએ.

તા. ૨૨-૧૦-૧૯૭૩ **નંદુભાઈ**

હરિઃૐ આશ્રમ, નડિયાદ મેનેજિંગ ટ્રસ્ટી.

# નિવેદન

(ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાના તમામ સાહિત્યનો એકમાત્ર હેતુ 'જીવનવિકાસ' છે. આ શરીરના જીવનમાં સૌ કોઈ પ્રકૃતિના દોરવાયેલા તણાઈ રહ્યાં છે. આવી સ્થિતિમાં પોતાની જાતનું મૂલ્યાંકન કરીને, પોતાની ત્રુટિઓને જાણી-સમજી લઈને જાગૃતિપૂર્વક દૂર કરવાનો પ્રયાસ કરતા રહેવાનું આવશ્યક છે.

આ નાનકડી પુસ્તિકામાં પૂ. શ્રીમોટાએ આપણી પ્રકૃતિનું દર્શન કરાવતાં તેને પરખવાની અને તેમાંથી ઊર્ધ્વવિકાસ સાધવાની ગુરુચાવી આપી છે. પુસ્તકના પરિશિષ્ટ-૧માં ગુણ નિરૂપણમાં મનુષ્યપ્રકૃતિના ત્રણેય ગુણો - સત્વ, રજસ અને તમસની સમજ અને તેનો ઉપસંહાર ઘણો ઘણો ઉપયોગી છે. સાધક જીવને અત્યંત ઉપયોગી એવું આ પુસ્તક ઘણા સમયથી અપ્રાપ્ય હતું. હવે તેની ત્રીજી આવૃત્તિનું પ્રકાશન અઢાર વર્ષ બાદ થઈ રહ્યું છે. 'જીવનવિકાસ'ને ઊંડાણથી સમજીને તે દિશામાં પ્રગતિ કરવા ઇચ્છતા સંસારીજીવોને આ પુસ્તક ઘણું ઘણું ઉપયોગી નીવડશે અને તેનો સદુપયોગ થશે એવી આશા અને શ્રદ્ધા સાથે આ પ્રકાશન કરી રહ્યા છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

પૂજ્ય શ્રીમોટાનો ૭૫મો સાક્ષાત્કારદિન<br>
તા. ૨૦-૪-૨૦૧૩, રામનવમી<br>
સં. ૨૦૬૯

**ટ્રસ્ટીમંડળ,**<br>
હરિઃૐ આશ્રમ, સુરત

# અનુક્રમણિકા


| ક્રમ | અધ્યાય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | જિંદગાનીતણો હેતુ | ૧ |
| ૨. | જેમાં તેમાં જરૂરી છે | ૩ |
| ૩. | નિશ્ચયે જાણી લો સદા | ૬ |
| ૪. | જીવવું તે પ્રમાણજે | ૧૩ |
| ૫. | શો પરિશ્રમ તે કાજે ! | ૧૯ |
| ૬. | વર્તવું તો જરૂરનું | ૨૧ |
| ૭. | કેવા ધીરજના ગુણે ! | ૨૩ |
| ૮. | ધર્મના પાલને ખીલે | ૨૭ |
| ૯. | પરિણામતણી આશા | ૨૮ |
| ૧૦. | સાધના કર્મને વિષે | ૨૯ |
| ૧૧. | -એવાં લક્ષણ જાણવાં | ૩૩ |
| ૧૨. | જે છે કોઈ પહોંચેલો | ૩૪ |
| ૧૩. | અનુભવી એકલો માત્ર | ૩૫ |
| | પરિશિષ્ટ : ૧ ગુણ નિરૂપણ | ૩૮ |
| | પરિશિષ્ટ : ૨ પ્રાર્થનાઓ | ૫૪ |

॥ હરિઃૐ ॥

# ગુણવિમર્શ

❑

પૂજ્ય શ્રીમોટા

**“હું સર્વત્ર વિદ્યમાન છું.”**

- શ્રીમોટા

‘જીવન દર્શન’, ૧૧મી આ., પૃ.૪૩૧

॥ હરિઃૐ ॥

## અધ્યાય ૧ : જિંદગાનીતણો હેતુ

(અનુષ્ટુપ)

જિંદગાનીતણો હેતુ, ઊંડું જીવનનું ઊંડું
-રહસ્ય જે સમાયેલું માત્ર તે જાણવાતણો. ૧

હેતુ, જાગૃતિ, ઉત્થાન અંતિમ સિદ્ધિ અર્થ તે,
સાધના છે અનિવાર્ય તે વિના કૈં ન ઊપજે. ૨

છે જાળવવી મુશ્કેલ મન સમતુલા ખરે,
પ્રચંડ હેતુ - જાગૃતિ જેને, તેને સહેલ છે. ૩

અન્વેષણ વિના પૂર્ણ ઈન્કાર અવહેલના
-શ્રેયાર્થીથી થવા ના તે ઘટે કોઈ પ્રકારથી. ૪

અન્વેષણા થવા કાજે પૂર્ણ તટસ્થતા હ્દે
-ચેતનાયુક્ત જાગેલી યોગ્ય હોવી જ જોઈશે. ૫

ધૂળની રજ વાયુમાં કેવી ઊંચે ઊંચે ઊડે !
પાણીમાં ભળતાં કિંતુ તે નીચે કેવી તો બૂડે ! ૬

નોટિસ કૈં વિના કેવી જિંદગી ખસતી જતી,
કોઈને તોય ના ભાન તેનું સ્હેજેય થાય છે. ૭

કિંતુ જે કોઈ જાગેલું તેની શ્રદ્ધા શી ઑર છે !
તે શ્રદ્ધા તો વિકાસે શી આવતી ખપમાં ખરે ! ૮

એકલું એકલું એવું શ્રદ્ધાને લાગતું નથી,
સામર્થ્ય પાર વિનાનું શ્રદ્ધાને લાગતું સહી. ૯

'સૌ સાંસારિક સિદ્ધિઓ મેળવ્યા બાદ જીવને
-મળે ત્યાં સુખ સંપૂર્ણ' - ના'વે તેવું અનુભવે,
જીવનહેતુ જ્યાં સુધી ફળ્યો નથી ખરેખરો,
ખૂટતું કૈંક ત્યાં સુધી છે લાગવાનું અંતરે.૧૦-૧૧

જાણવું, માણવું, પાછું મા'લવું ત્રણેયે જુદાં,
ભૂમિકા તે ત્રણે જુદી જોડાયેલી પરસ્પરે. ૧૨

પોતે જેમાં પડેલો છે ત્યાં ઓતપ્રોત તો થઈ,
એકરાગ થતાં, નિશ્ચે રળવાનું રળાય છે. ૧૩

તમોને જો તમારી કૈં સ્હેજેય પડી હોય ના,
વિચારવાની સ્હેજેય તસ્દી લેવી ગમે ન જ્યાં,
પાયમાલી વહોરી તે લેવાના આપમેળ શા !
એવાને કોણ ઉગારી શકે જીવનમાં તદા ?૧૪-૧૫

## અધ્યાય ૨ : જેમાં તેમાં જરૂરી છે

(અનુષ્ટુપ)

જેવું થવાનું ધાર્યું હો તે પ્રમાણે જ મંડવા
-કર્યા જે કરતો હર્ષે ઉમંગે એકધારું ત્યાં,
તેવો ભલે પડે પાછો, કિંતુ તે વેળ, તે જન
-જાગી, ઊઠી, થઈ બેઠો પાછો મંડ્યા કરે પથ. ૧-૨

એકધારું મથ્યા જેઓ કરે ખૂબ નિરંતરે,
વરવા તેમને આવે ધ્યેય પોતે જ જીવને. ૩

જોખમી પરિસ્થિતિથી જો .થવા મુક્ત દિલ છે,
ખેડવાં સાહસો ભારે પડે તે નિશ્ચયે પથે. ૪

જેને પાર જવા ઈચ્છા તેને તો મંડવું પડે,
મંડ્યા વિના કશું કૈં ના મેળવી શકતા જગે. ૫

જે કૈં મેળવવા ધાર્યું તેને સામે ધર્યા કરી
-તે પ્રમાણે થતા યત્ન કરે, જે પામશે સહી. ૬

જેને મેળવવા ઈચ્છો, જો મથો તે પ્રમાણથી,
એકધારું મથ્યો જે રે' ઊંડું અંતરમાં વળી,
એકનું એક તો લક્ષ છે એકાકાર લક્ષ્યમાં,
એવા વિજયશ્રીને શા વરે છે આપમેળ ત્યાં. ૭-૮

પોતાના દોષ સૌ જેને આંખે નર્યા તર્યા કરે,
વળી નિવારવા તેને નિશ્ચયે જે મથ્યા કરે,
ડંખે જે તીવ્રમાં તીવ્ર, થવાવા મુક્ત તે થકી,
ત્યાં મથાયા વિના કેમે રહેવાયે ન કોઈથી. ૯-૧૦

અંતર્મુખ થવું જેને ઊંડામાં ઊંડું અંતરે
-વળી વળી જ જોવાનું પોતાનું રાખવું ઘટે,
ચઢી આવતું બીજાનું જેને કૈં નીરખાય છે,
અંતર્મુખ થવા ઊંડું તેને લાગ્યું ન યોગ્ય છે. ૧૧-૧૨

ગુણ ને ભાવ ને શક્તિ જીવને પ્રગટાવવા
-મથ્યા ખૂબ કરે છે જે, ખરો તે માનવી સદા. ૧૩

એક પૂરું થયું ના હો, બીજું પકડવા ચહે,
શુક્કરવાર તેવાનો કશો વળે ન જીવને. ૧૪

આપત્તિ ને વિપત્તિમાં જે મર્દાનગી દાખવે,
ખરેખરો જ તે મર્દ જીવન જીવવા વિશે. ૧૫

મુશ્કેલીમાં શું વિઘ્નોમાં મૂંઝાતો જે નથી જરા,
ઉકેલ કાઢવા ખંતે મથે જે, જીવતો તદા. ૧૬

ભાગે આવેલ જે કર્મ પૂર્ણ પાર ઉતારવા
-એકધારો રહે મંડ્યા ઉદ્યમે, ખંતથી સદા,
નિરાશા મળતાં પાછો ખુમારીથી ટટાર થૈ,
ઝઝૂમે બેવડી હામે બંકો માનવી મર્દ તે.૧૭-૧૮

મળે મુશ્કેલ જો કર્મ મર્દાનગીથી સાહસે
-હિંમતે, ઉદ્યમે, ખંતે મથ્યે અંતે જ જીતશે. ૧૯

નીવડે પાર, તો લોક કરે વખાણ તેહનાં,
કિંતુ શ્રેયાર્થી તો લોક સામે જોશે ન દિલમાં. ૨૦

જાગૃતિ શીઘ્રતા કાજે ભાવના અનિવાર્ય છે,
ભાવ એકાગ્રતાવાળો જામતાં, શીઘ્રતા ફળે. ૨૧

કેળવવા ગુણો, ભાવ, જીવનધ્યેય હેતુની
-પ્રચંડ તે ભાવના ઉગ્ર જાગેલી હોવી જોઈશે. ૨૨

જીવને સાંત્વના કૈં તે વેચાતી મળતી નથી,
ઘટે મેળવવી એને તપશ્ચર્યા કરી કરી. ૨૩

જે તે પ્રણાલિકાઓ છે, ઉત્તમોત્તમ હોય છો,
કિંતુ હેત્વાર્થ તે સૌને ફગાવી દેવી તો પડે. ૨૪

ગુણ વિના કશા કર્મે યશ ના મેળવી શકો,
ગુણો જેવા હશે, તેવું કર્મે ત્યાં ઊતરી શકો. ૨૫

જેમાં તેમાં જરૂરી છે ઉત્તમ ગુણ જીવને,
કર્મને પાડવા પાર ગુણ તેથી જરૂરી છે. ૨૬

મહત્ત્વ ગુણનું જેને યોગ્ય જાગેલ હોય ના,
જીવને કાંઈ તેવાનાં કર્મમાં ભલીવાર ના. ૨૭

જે પ્રકારનું હો કર્મ ગુણ તો તે પ્રકારના
-કર્મને પાડવા પાર હોવા ત્યાં જોઈશે સદા. ૨૮

ઉત્તમ ગુણ ને ઊર્ધ્વ થવા વિકાસ તેમનો,
જીવને દૃષ્ટિ ગુણોની પરત્વે દિલ ખીલજો. ૨૯

વિકાસાર્થે ગુણો કેવા અત્યંત ઉપયોગના !
જીવનમાં ગુણો વિના ચાલે છે ના કદી જરા,
છતાં પાછા ગુણો એવા આત્યંતિક ન સત્ય છે,
હરિ શો એકલો માત્ર શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સત્ય છે ! ૩૦-૩૧

ગુણવિકાસ સંપૂર્ણ થવાતાં, તે પછી પથે,
ગુણાતીત થવાતાંમાં પમાય ઈશતત્ત્વને,
'ગુણાતીત ભૂમિકામાં ગુણ અસ્તિત્વ કૈં ન છે',
એવું માનવું તે મિથ્યા, ગુણ અસ્તિત્વ હોય છે. ૩૨-૩૩

ગુણાતીત થતાં પ્હેલાં દાસત્વ ગુણનું શું છે !
ગુણાતીત થયા કેડે સ્વામિત્વ ગુણનું જ છે !
જરૂર જેવી જેવી છે નિમિત્તે જેમ ગુણની,
તેમ તેમ ગુણોનો શો ઉદયવર્તમાન ત્યાં ! ૩૪-૩૫

## અધ્યાય ૩ : નિશ્ચયે જાણી લો સદા

(અનુષ્ટુપ)

જેને આદર્શ કોઈ ના જીવવાનો કશો જગે,
નમાલું જીવવું, એના કરતાં મરવું ભલું. ૧

જેને હો માનવું જેમ ભલે તે તેમ માનતા,
આપણે આપણી રીતે માનવું, જીવવું સદા. ૨

માનીએ તે પ્રમાણેનું વર્તવું, ચાલવું પથે
-બની શકે ન સંપૂર્ણ કોઈથી કદી જીવને,
કિંતુ જેટલું સંપૂર્ણ 'જાણવું, માનવું' રીતે
-ચાલી શકાય તેવો તે હોવો પ્રયત્ન ત્યાં ઘટે. ૩-૪

'જેને જ્યાં રાચવાનું જે ગમતું હોય જીવને,
તેમાં તેનો રમે જીવ', એ વાત શી પ્રસિદ્ધ છે ! ૫

માન્યું જેને હ્રદે સાચું છતાં જો દિલ ના જ છે,
માનવાનું થયેલું જે પાકું યથાર્થ તે ન છે. ૬

'જીવવું પડવાનું છે' એમ જાણે જગે બધાં
-જીવતાં કેવું નિર્માલ્ય ! છતાં જાણે ન તેવું ત્યાં. ૭

જીવવું માત્ર લક્ષ્મીથી તે મુડદાલ 'જીવવું',
જીવવું ગુણભાવેથી જીવવું યોગ્ય તે ખરું. ૮

વિલાસથી ભર્યું માત્ર જીવવું, મૃત્યુ તે ગણો,
એવા તે જીવને શક્તિ તરવાતણી ના કશી. ૯

વૈભવ મ્હાલવા જેને નર્યો આનંદ લાગતો,
સાચો આનંદ તે ના છે, જીવનને ડુબાડતો. ૧૦

જીવને બચવાને હો બારી તો એકમાત્ર છે,
જીવનહેતુને પ્રીછી ભક્તિનો માર્ગ શ્રેષ્ઠ તે. ૧૧

પ્રીછવા, જાણવા કોને પડી જીવનની હ્રદે ?
ગયા જે પ્રીછવા તેવા આનંદે જીવતા પથે. ૧૨

જીવન મ્હાલવાનું જે વિલાસ વૈભવે કરે,
જીવનનો કરે નાશ કિંતુ તેવું ન તે ગણે.
મહદ્ આશ્ચર્ય કેવું તે તેમનું તેવું જાણવું !
માત્ર ઉપરછલ્લું તે વલણ માત્ર છીછરું. ૧૩-૧૪

જાગી, ઊઠી થવા બેઠું જેનામાં ના શહૂર છે,
તેનાથી શું થવાનું છે ? મરેલા જાણવા જ તે. ૧૫

આંચકા તો ઘણા વાગ્યા છતાં જાગી ન જે શક્યા,
તેવા ના જાગવાના છે નિશ્ચયે જાણી લો સદા. ૧૬

જીવને વાગતાં ઝાઝું તોય જેને સૂઝે નહિ,
તો વાગવાતણો હેતુ એને મિથ્યા જ થાય છે. ૧૭

સામર્થ્ય ઊઠવાનું ના જેને કોઈ પ્રકારનું,
તેવાના જીવને ક્યાંથી પ્રકાશ સુખ હોય શું ! ૧૮

પોતાનો દિલ માનેલો કક્કો સાચો થવા ખરે,
કેટલા કેવું પોતાનું अहम् શું દાખવ્યા કરે ! ૧૯

મતાગ્રહો વિશે પાકા આંધળા સાવ લોક શા !
માનેલું નિજનું સત્ય, બીજું ના સત્ય તે વિના. ૨૦

મુશ્કેલીઓ નજીવીને ખમી ખાવાનું જીવને
-જોમ અંતરનું જેને નથી, તે માનવી ન છે. ૨૧

થઈ પડે નિરાશાનો ભોગ જરાતરા વિશે,
એવા જીવનમાં કાંઈ મારવાની ન ધાડ છે. ૨૨

નર્યા જરાતરામાં શા હતાશામાં પડી જતા !
શુક્કરવાર શો વાળી શકે ? નામર્દ તે ખરા. ૨૩

જીવને કો'ક વારે શી ભયંકર કટોકટી
-આવીને ગભરાવી તે મારે, શી પ્રાર્થના કરું ! ૨૪

ભારે મુશ્કેલીઓ છોને આવે જીવનમાં ભલે,
મર્દાનગીથી શ્રદ્ધાથી સામનો કરવો ભલે ! ૨૫

જરાક જેટલી કૈંક નિરાશા જીવને થતાં
-મુડદાલ બને, તેવા જીવવા યોગ્ય ના કદા. ૨૬

મહત્ત્વ જિંદગાનીનું જેને હૈયે વસ્યું નથી,
તેવા સંસારી સૌ લોક જીવે તોયે જીવ્યા નથી. ૨૭

સાચું જીવવું જેને છે કેટલું કેટલું બધું
-પડે સાચવવું તેણે જાણે જે તેમ જીવતો. ૨૮

'જીવવું, મરવું' જેને છે સમતોલ જીવને,
તે જ માત્ર ખરું જીવ્યા, બીજું જીવ્યું, જીવ્યું ન તે. ૨૯

લીધેલું હાથમાં તેને વચ્ચે એમ ને એમ તે
-મૂકી રઝળતું ના દે, ઉતારી આરપાર દે,
વેગળું માથું મૂકીને ઝઝૂમે છે રણાંગણે,
આફતો છો ભલે આવે ગણકારે જરા ન તે. ૩૦-૩૧

હારની હાર ઓળંગી જવા પર્વતની પથે,
જેને છે શૌર્યની પાંખો તે સાચો મર્દ વીર છે. ૩૨

ધારેલા ધ્યેયને જેને કરવા પાર અંતરે
-પરાક્રમતણું તાન થનગન્તું ચઢેલ છે,
આરપાર થવા જેનો તલસાટ ઊંડો જ તે
-જંપે મેળવી સંપૂર્ણ, ખરો તે મર્દ વીર છે. ૩૩-૩૪

નિરાશા છો ઘણી વાર જેને જીવન આવી છે,
હારેલો જે બહુ વાર ઘવાઈ જે પડેલ છે,
નાહિંમત છતાં જ્યારે જરાકેય થયો ન છે,
મૃત્યુને નોતરી યુદ્ધે લઢે, તે મર્દ વીર છે. ૩૫-૩૬

તેજ, ખમીર જોશીલાં, સાહસો, જોખમો પથે
-ખેલવા ખેડવા જેને હિંમત ના, ન મર્દ તે. ૩૭

ઊડવા પાર આકાશ ઉત્સાહ શો અપાર છે !
ખંત, ઉદ્યમ ને ધૈર્ય પારાવાર વિશેષ છે,
જવા નીકળી સંપૂર્ણ આરપાર બધી રીતે,
માથું મૂકી ઝુકાવે જે મર્દ તે તો ખરેખરો. ૩૮-૩૯

એકલતા, હતાશા ને નીરસતાતણા ઊંડે
-વમળે લોક ઘેરાઈ શા પાયમાલ થાય છે ! ૪૦

શા ગૂંગળાવનારા જે અનુભવોની જીવને
-પરંપરા ઊઠે ત્યાં શા હાલ બેહાલ થાય છે ! ૪૧

સ્વાર્થી ને દંભી, સંસારી વિચિત્રતા ભરેલ જે
-જીવવું, નર્ક સાચું તે, સંસારે જાણવું ખરે. ૪૨

'પોતાનું એકલું માત્ર સુખને વાંછીને હૃદે,
બીજાનું ઝૂંટવી લેવું' તે નર્કાગાર જાણજે. ૪૩

હતવીર્ય, હતાશા ને કેવા તરંગી જીવને,
ડૂબ્યા કેવા કરે તોયે માનવીને ન ભાન છે ! ૪૪

ઘસાડાયા જતાં કેવાં સંસારે માનવી બધાં !
જીવનભાન કોઈને ઊગતુંયે નથી કદા,
મોટામાં મોટું આશ્ચર્ય સંસારે કેવું એ જ છે !
માનવીને ન જાગે છે ભાન એનું જરાય તે.૪૫-૪૬

જેને જવાબદારીનું સ્હેજે ના ભાન છે કશું,
તેવા સંસારમાં લોક મિથ્યા જીવે પ્રમાણવું. ૪૭

મળેલાં કર્મની પ્રત્યે વફાદારી ન જેહને,
તેવા ફતેહ ના પામે કોઈ કાળે કશી રીતે. ૪૮

જેને પ્રમાદ સંપૂર્ણ ઈચ્છા કૈં કરવાની ના,
તેવો જીવે ભલે, તોયે મરેલો જાણવો સદા. ૪૯

રહેવું ઉદ્યમી નિત્ય પ્રયત્નવંત જીવને,
સર્વ સંભાળી પોતાનું જીવવું ઉમદા રીતે. ૫૦

મળેલાં કર્મમાં પૂરા ઓતપ્રોત થઈ જઈ,
કર્મને કરવા પૂર્ણ મથે તે મર્દ માનવી. ૫૧

'જન્મ્યા છો જેમ તેથીયે રળ્યા શું છો તમે ખરું ?'
વિચારવા જગે એવું કોઈ તૈયાર ના ભલું ! ૫૨

'ચેતીને ચાલવું' એવું સર્વ કોઈ કહ્યા કરે,
પરંતુ યોગ્ય રીતિએ કોઈયે ચેતતું ન છે. ૫૩

સંસારે જે મળેલું છે કર્મ તે પાર પાડવા,
જેને ઉત્સાહ સંપૂર્ણ જાગે જીવનમાં જ ના,
તેવા શી ધાડ મારી તે શકે સંસાર જીવને !
તેવા શા ઠેરના ઠેર રે'તા સંસારને વિશે ! ૫૪-૫૫

રળવું છે તમારે જો સંસારે કૈંક જોઈતું,
પરિશ્રમ ઉઠાવ્યા તે વિના કેમે મળે કશું ? ૫૬

પોતે પારખી પોતાને, પોતાને તે મઠારવા,
યોગ્ય રીતે મથે નિશ્ચે તેવા માત્ર રળે તદા. ૫૭

પ્રભુને મૂકીને ટોલ્લે આપણે જીવીએ છીએ,
સંસારી સ્વાર્થમાં કેવા રચ્યાપચ્યા જ જીવને ! ૫૮

'જીવન જીવવું કેમ ?' એનું જ્ઞાન કશું નથી,
છતાં ફાંફાં જ શાં શાં છે ! પાર હુંપદનો નથી,
મિથ્યાભિમાની એવું તે જીવન જીવવા વિશે,
સ્વાદ શો માનવીને છે રંગેચંગે જ જીવને !૫૯-૬૦

માત્ર જે સ્વાર્થને માટે સંસારે જીવતા જનો,
સંપૂર્ણ આંધળા તેમાં તેવા જે તોળતા રહે,
તેમનું તોળવાનું તે કેવું અનર્થકારી છે !
તોળવું તેમનું મિથ્યા પોતાને ઘાતકારી તે,
ડૂબેલા સ્વાર્થમાં જે છે સ્વસ્થતા ને તટસ્થતા
-તેમના જીવને ક્યાંથી વર્તતાં કેમ હોય ત્યાં ?૬૧-૬૩

સ્વાર્થથી જીવવું માત્ર ક્ષુલ્લક જીવ્યું જાણવું,
સ્વાર્થમાં પૂર્ણ જે રાચે તેને માનવી ના ગણો. ૬૪

આપણે આપણી રીતે જીવવું છે જ જીવન,
પછી પંચાત બીજાની શાને તે કરવી ભલા ! ૬૫

સંભાળી જો શકો ના કૈં તમારું સૌ પૂરી રીતે,
ફરિયાદ પછી શાને ? શી કરવાની હોય છે ! ૬૬

જીવવાનું જ જો હોય યદ્વાતદ્વા રીતે ખરે,
એને ના જીવવું જાણો, એ તો પ્રત્યક્ષ મૃત્યુ છે. ૬૭

## અધ્યાય ૪ : જીવવું તે પ્રમાણ જે

(અનુષ્ટુપ)

આપણે આપણી રીતે ચાલવાનું જ રાખીને,
ઇચ્છેલું જે પરિણામ પામવા ચહીએ હૃદે,
બનવાનું કદી તેમ નથી, જાણવું તે સહી,
પરિણામ પ્રમાણેના થતાં યત્ન, મળે કદી. ૧-૨

જેવું થવાનું ધાર્યું હો તેવું યોગ્ય થયા વિના,
ઇચ્છવું તે પરિણામ મૂર્ખામી આપની ભલા. ૩

આપતાં માન, પામો છો માન પોતાની મેળ તો,
આદર આપતાં તેવો આદર જગ મેળવો. ૪

જીવને આપશો જેવું લેવા તેના વિના કશું
-મેળવી ના શકો બીજું નિશ્ચયે તેમ જાણજો. ૫

બીજા સાથે તમે વર્તો જે રીતે જીવને જગે,
તે જ પ્રત્યક્ષ આવીને ઊભું રે'શે જ સામને. ૬

અજાણ્યાં માનવી કર્મ સંગાથે સાંપડે જગે,
સૌ વ્યવહાર, સંભાળી આટોપવાનું રાખજે.
પાછી સદ્‌ભાવમાં ઓટ આવવા દેવી ના ઘટે,
દક્ષતા હોય, જે પૂર્ણ યોગ્ય વાપરવી ઘટે. ૭-૮

સ્વાર્થનાં કામમાં દોષ બીજાનો કાઢવા વિશે
-યોગ્ય ના તે પૂરી રીતે, ગ્રહી રાખવું ગાંઠ તે. ૯

સંસારી માનવી રીતે કોઈને નહિ તોળવું,
માપ્યું કોઈકને જો તો મપાઈ આપણે જશું. ૧૦

આપણે આપણી રીતે કોઈને તોળવા નહિ,
અન્યાય કરી બેસીશું બીજાને તેથી તો સહી. ૧૧

બીજાને જીવવા દૈને બીજાને મોકળાશ દૈ
-વર્તે જે જ્ઞાનભાવે તે ભાગ્યશાળી ખરો જ છે. ૧૨

બીજાને સુખ દેવાને પ્રેમથી ત્યાગ જે કરે,
તેવો ત્યાગ કમાણી છે ઉચ્ચ જીવનની ખરે. ૧૩

જીવને પ્રેમને નાતે હોય જો જીવવાનું તે,
મહત્ત્વ ત્યાગને એણે પડે આપવું જીવને. ૧૪

બેળે બેળે થતાં ત્યાગ શક્તિ કુંઠિત શી બને !
ઉમળકે થતાં ત્યાગ ભાવ શક્તિ બઢે ગુણે. ૧૫

આનંદ પ્રગટે હૈયે ત્યાગ તે કરતી પળે,
માનવો ત્યાગ તે સાચો, તે ત્યાગે ભક્તિ વિકસે. ૧૬

સમૂળું ત્યાગ વિનાનું જીવવું, જીવવું ન તે,
પરમાર્થે થતાં ત્યાગ જીવવું તે પ્રમાણજે. ૧૭

તમારા એકલા માટે જીવવું તે નિરર્થક,
'જીવવું' જે બધાં માટે 'જીવવું' પૂર્ણ સાર્થક. ૧૮

પશુ, પંખી, બધાં પ્રાણી સંયમે જીવતાં જગે,
માનવી એકલો માત્ર કેવો સ્વચ્છંદમાં રમે ! ૧૯

નિરંકુશ બધી રીતે જીવવું માનવીતણું,
યદ્વાતદ્વાપણું એનું કેવું બેડોળ જાતનું ! ૨૦

છતાં માને જ પોતાને સુધરેલો ખરેખરો,
શો બુડથલ સંપૂર્ણ એવો માનવી જીવને ! ૨૧

સંસારે હોવું પ્રેમાળ સદ્‌ભાવયુક્ત જીવન,
સંસ્કારે યોગ્ય પ્રેરાઈ જીવવું કેવું ઉત્તમ ! ૨૨

ન્યાય અન્યાયથી પૂર્ણ શૃંખલાબદ્ધ જીવન,
મુક્ત તેથી થવા જેઓ જીવે, તે યોગ્ય જીવન. ૨૩

પૂરેપૂરું ધરી લક્ષ હૈયે યોગ્ય પ્રમાણનું,
ઉતારે કર્મને પાર વ્યવહાર નિપુણ શું ! ૨૪

'પડે છે ખપ સૌ કો'નો' એમ ધારી બધાં પરે
-સદ્‌ભાવ ધારીને હૈયે વર્તવું સર્વ સાથ તે. ૨૫

અન્યાય ખમતાં પ્રેમે સંસારે જે શીખે જન,
તેવાનું ખમવું તેવું જાણવું યોગ્ય તે તપ. ૨૬

અન્યાય ભોગવી લેતાં આવડે દિલ જેહને,
એવો સજ્જન સદ્‌ભાગી દુર્લભ મળવો જગે. ૨૭

જીવને જીવવું જો હો મર્દાનગી થકી જીવો,
સ્વાર્થમાં તો બધાં જીવે, પરમાર્થે જીવે, ખરો. ૨૮

પારકાંના ભલા સારુ ઉઠાવેલો બધો શ્રમ,
જાણવો યજ્ઞ તે સાચો, બીજો યજ્ઞ ન યોગ્ય છે. ૨૯

માત્ર શા સ્વાર્થને માટે સંસારે લોક તો જીવે !
જે પરમાર્થને માટે જીવે, તે જીવ્યું યોગ્ય છે. ૩૦

અન્યના સુખનો પૂરો કરનાર વિનાશ જે
-થાય છે ના કદી સુખી તેવો માનવી જીવને. ૩૧

જીવને ઉપયોગી જે થવાને અન્યને જગે,
જિંદગી અર્પી જાણે તે જીવન મ્હાલશે હૃદે. ૩૨

પોતાનો ભોગ આપીને અન્યને કરવા સુખી
-દિલથી ચાહતા જેઓ, જીવ્યું તેવું ખરેખરું. ૩૩

મહત્ત્વ આપતા જેઓ બીજાને વ્યવહારમાં,
પોતાને પાછળે રાખે સાચી તે નમ્રતા સદા. ૩૪

પોતે જે મરી જાણે છે જીવન રળવા નવું,
મરી જઈ જ સંપૂર્ણ જીવન પામતાં ખરું. ૩૫

ભારે મુશ્કેલી છોને હો કિંતુ ત્યાં સ્વસ્થ જે રહે,
મુશ્કેલીથી દબાતા ના તેવા, માનવી મર્દ છે. ૩૬

જેને મર્દાનગી ના છે, તેવા જીવે છતાંય જે
-જીવતા ના જગે જાણે, જીવ્યું એમનું વ્યર્થ છે. ૩૭

હાર્દ જીવનનું જેણે જાણ્યું જીવનમાં નથી,
મોજ જીવનની તેવા માણી શકે શી રીતથી ? ૩૮

જીવવામાંથી આનંદ છલકાતો હૃદે જ છે,
એવા માનવીનું જીવ્યું ભૂતલે શું યથાર્થ છે ! ૩૯

પર્વતતણી વચ્ચેયે છોડ શો ફૂટી નીકળે !
વજ્ર શી કઠણાઈમાં પોતે શો ઊગી ફૂટતો ! ૪૦

મુશ્કેલી, વિઘ્ન ને ગૂંચો પ્રશ્નો અવનવા બધા
-સામે જે આવતા, હેતુ સામર્થ્ય પ્રગટાવવા. ૪૧

જીવને જોમ કેવું ને કેટલું તે તપાસવા
-અવરોધોથી જણાયે છે પારાશીશી સદાની ત્યાં. ૪૨

નિરાશા મળતાં પંથે જરા જે ગભરાય ના,
છાતી કાઢી ઊભો જે રે' ધન્ય એવા જ મર્દ શા ! ૪૩

ચોમેર વાદળો વિઘ્નો છોને તૂટી પડે ભલે,
મક્કમ દૃઢ તોયે જે ટકે તે વેળ મર્દ તે. ૪૪

હારતા હોઈએ ત્યારે ઘાંઘા થવું ન જોઈએ,
હામ ભીડી જ ઉત્સાહ પ્રેરાવી, મથી વર્તજે. ૪૫

પોતાની જાત વિશેની જીવનમૂલ્યની હૃદે,
શ્રદ્ધા જેને શી સંપૂર્ણ ! તેવા માનવી મર્દ છે. ૪૬

પોતાને ગમતું જે તે જીવને ના મળે કદી,
પ્રતિકૂળ મળંતાં ત્યાં તટસ્થતા દિલ ધારવી. ૪૭

'સંસારે હો મનાદિની જીવને એકરાગતા',
ઉત્તમોત્તમ તે સુખ માનવીનું જગે સદા. ૪૮

સાધેલી જીવને જેણે તપસ્વીની પવિત્રાતા,
કળા, સૌંદર્ય જન્મે છે તેના જીવનમાં સદા. ૪૯

શાંતિદાયક વિશ્રાંતિ શુદ્ધિ વિના મનાદિની
-સાંપડી ના શકે કેમે સંસારે કોઈને કદી. ૫૦

ઉત્સાહી ને ક્રિયાશીલ બીજાના સુખ માટ જે,
-ઉદ્યત જીવને જે રે', સંસારે તે તપસ્વી છે. ૫૧

આભને થીંગડું ક્યાંયે કદી દેવાનું હોય ના,
તેમ વિવેક ખીલ્યો છે જ્ઞાને, તે નિત્ય મુક્ત શા ! ૫૨

જીવીને યોગ્ય પામ્યાનો જેને સંતોષ દિલ છે,
સાર્થક તેનું છે જીવ્યું માનવીમાં ગણાય તે. ૫૩

❋

## અધ્યાય ૫ : શો પરિશ્રમ તે કાજે !

(અનુષ્ટુપ)

અભિલાષા કમાવાની કશો ઉદ્યમ ના છતાં,
હોશિયારીતણો ફાંકો તોયે ઊઠ્યા કરે મહા ! ૧

જહીં વાપરવી યોગ્ય બુદ્ધિ ત્યાં વપરાતી ના,
ડહાપણ બીજે કેવું ડો'ળાતું દરિયા સમું ! ૨

ઊંચે આવ્યા વિના આરો આપણો ક્યાંય તો નથી,
પુરુષાર્થ છતાં તેવો આપણાથી થતો નથી,
છતાં લાચારી એવી જ્યાં મુદ્દલે સાલતી નથી,
'ક્યાંથી બેઠા થવાના છો ?' ઊંડું વિચારવું મથી. ૩-૪

સંતોષ પૂર્ણ દેવાને પેટને, ખાવું જોઈશે,
તેટલાથી જ સંસારે ચાલે ના માત્ર આપણે. ૫

એકલા માત્ર સ્વાર્થે તો પશુપંખીય ના જીવે,
રચ્યાપચ્યા રહી સ્વાર્થે જીવવું યોગ્ય શું ગણો ? ૬

ઘરાક સાથ જ્યાં સ્વાર્થ જો કમાવાતણો જ છે,
એકધારું જ સૌ લક્ષ આપણું કેવું હોય છે !
જીવનના વિકાસે તે એવો જ્યાં સ્વાર્થ લાગતાં,
બોલી તે ઊઠશે મેળે જવું પડે ન પૂછવા. ૭

ખરેખરી જ ઇચ્છા જો હો કમાવાની જીવને,
રેઢિયાળ પછી ખાલી જીવવું છોડવું પડે. ૮

જો કરવાની છે કૈંક તમારે દિલ ભાવના,
બેસી રહ્યાથી ખાલી તે કશું ક્યાંય થવાનું ના. ૯

ખાલી ધમપછાડા તે માર્યે વળે જ ના કશું,
ખરેખરી કસ્યા વિના કમ્મર, ના કશું થતું. ૧૦

નમાવવી પડે કેડ તમારે સાધવું જ જો,
ખાલી બૂમબરાડા તે પાડ્યે શા દી વળે ખરે ! ૧૧

જવાની નેમ હો ટોચે ને ચાલવાનું થાય ના,
શેખચલ્લી વિચારોથી કશું કાર્ય સધાય ના. ૧૨

પુરુષાર્થ સમો મિત્ર બીજો કો' જીવને નથી,
ખભેખભા મિલાવી તે સાથે ઊભો રહે ચહી. ૧૩

આત્મવિશ્વાસ સંપૂર્ણ હોવો તો નિજમાં ઘટે,
તો જ કર્મે ભલીવાર જીવને પ્રગટી શકે. ૧૪

તમે જેવા જ છો તેવું પ્રતિબિંબ પડે ખરે,
જીત કે હારનો સર્વ આધાર નિજના પરે. ૧૫

મર્યાદા નિજથી પાર કેટલાંક બળો જ છે,
અંકુશ તે પરે સ્હેજે દાખવી શકતા ન કૈં. ૧૬

છતાં તોયે પુરુષાર્થ પોતાથી બનતો બધો
-કરે છે એકધારો જે, સંભવ જીતવા ખરો. ૧૭

જીત કે હારમાં જેનું પરોવાયેલ ચિત્ત ના,
નિશ્ચય, ટેક સંપૂર્ણ, પૂર્ણ પાર ઉતારવા. ૧૮

મથે એ રીત જે કોઈ આજ કે કાલ જીવને,
કોઈક કાળ તો તેવા ધારેલું પામશે જગે. ૧૯

જય મેળવવા ઇચ્છયે એમ ને એમ ના મળે,
શો પરિશ્રમ તે કાજે લેવો જીવનમાં પડે ! ૨૦

લીધેલાં કામને પૂર્ણ પાડવા પાર જીવને
-જેને કૈં ના તમન્ના છે તેનાથી ના કશું બને. ૨૧

મંડવા એકધારું જે ખંતે ઉત્સાહથી મથે,
પાકો નિશ્ચય ધારીને યત્ન મરણિયો કર્યે,
આજ કે કાલ પોતાનું ધાર્યું મેળવતો જગે. ૨૨

## અધ્યાય ૬ : વર્તવું તો જરૂરનું

(અનુષ્ટુપ)

કલ્પનાગમ્ય પ્રત્યેક પરિસ્થિતિ વિશે પથે
-જીવને તેમ વિચારી મુશ્કેલી વર્તતાં પડે. ૧

'જેમાં તેમાં બધાં વિશે ચંચુપ્રવેશ પૂરતો
-કરવાને ચહ્યું' ના તે વર્તવું યોગ્ય રીત તો. ૨

ભલે નાનકડું કર્મ જે કાળે જે મળે લહો,
તેમાં નિપુણતા પૂર્ણ ધારી, કૌશલ્યથી કરો. ૩

સાહસ, ધૈર્ય, ઉત્સાહ, ઉમંગ, ખંત, ઉદ્યમ,
મળેલાં કર્મમાં પૂર્ણ જે પ્રેરે તે રળે ધન. ૪

ઉદ્યમે ખંતથી જે કો' રે' વળગેલ ભાવથી,
आज के काल તેવાનો ફળે તે હેતુ આપથી. ૫

કર્મ જે કરવાનું છે, તેમાં જો રસ સ્વાર્થ છે,
વળગેલું રહેવાશે, પ્રત્યક્ષ તે પ્રમાણ છે. ૬

યદ્વાતદ્વા કશું ના છે આપણા જીવને કશે,
આપણે ના વ્યવસ્થિત તેથી સાચું ન તે દીસે. ૭

જે કંઈ કરવા ધાર્યું મંડ્યા તેમાં રહ્યા કરી
-વારંવાર હૃદે તેમાં મારવાં ડૂબકાં વળી. ૮

સજ્જડ વળગી રે'વું લીધેલું મૂકી દેવું ના,
અંત સુધી મથ્યા રે'વું પરિણામ પમાડવા. ૯

નિરાશા જ્યાં થતાં કૈંક તેવી ને તેવી સ્થિતિમાં
-પડ્યા રે'વું કદીયે ના, સફાળા જાગવું તદા. ૧૦

છે કરવાનું જે કર્મ તેમાં પ્રાણ પરોવીને,
પૂરું ઉતારવા પાર જેને હર્ષ અપાર છે,
તેવા માનવી શા માત્ર રળી તે જીવને શકે !
બિચારા બાકીના, એવા ને એવા ગાંગડુ રહે.૧૧-૧૨

હાથમાં કર્મને લીધું પ્રાણ ત્યાં પ્રગટાવવા,
ઉત્સાહ જો સ્ફુરેલો ના કર્મ યોગ્ય ફળે ન ત્યાં. ૧૩

ઉદ્યમ, ખંત, ઉત્સાહ, ટકવા એકધારું ત્યાં,
કર્મમાં પ્રગટેલા જે હોવા સૌ જોઈશે નર્યાં. ૧૪

આપમેળે થવા કાજે ભૂમિકા તેવી આપણી,
ફળાવા યોગ્ય સંપૂર્ણ થવી તે જોઈશે ખરી. ૧૫

પોતાનાં કર્મને લીધે પ્રસંગો સાંપડે જગે,
લેવાનો સાધી ત્યાં સ્વાર્થ માનવીનો જ હોય છે,
એથી કરી જ સામાને જે ગેરલાભ થાય છે,
એનું સાટું પૂરું કોને વાળવા દિલ થાય છે ?૧૬-૧૭

જે કર્મેથી સધાતો છે સ્વાર્થ જે રોટલાતણો
-જો વફાદાર ના તેને તે જીવ્યું, જીવ્યું ના ગણો. ૧૮

મળેલાં કર્મના સ્વાર્થે ઓતપ્રોત થવાય ના,
ભલીવાર પછીથી શો થાય કેવી રીતે તહાં ? ૧૯

વિકાસ સાધવો હોય જીવને યોગ્ય રીત જો,
તેવી રીત પ્રમાણેનું વર્તવું તો જરૂરનું. ૨૦

## અધ્યાય ૭ : કેવું ધીરજના ગુણે !

(અનુષ્ટુપ)

ધૈર્યનો ગુણ સંપૂર્ણ કેળવાતાં જ જીવને,
ધીરજના સમો મિત્ર બીજો જીવનમાં ન તે. ૧

કેળવાતાં જતાં ધૈર્ય મેળે ગુણ બીજા ઊગે,
શો નાનો સરખો ગુણ ! છતાં સામર્થ્યવંત તે. ૨

ધીરજ રાખતાં જે કો' શીખે છે ચહી જીવને,
તટસ્થતા, સબૂરી ને દૃઢતા, શાંતિ શી રળે ! ૩

ધીરજ સંકળાયેલી ગુણે તે કેટકેટલા !
માત્ર ધીરજને પૂર્ણ મેળવ્યે, ઑર લાભ શા ! ૪

યદ્વાતદ્વાપણું જે તે જીવનમાંનું સર્વ કૈં
-સમૂળું નીકળી જાય કેવું ધીરજના ગુણે ! ૫

વ્યવસ્થા ને વ્યવસ્થિતિ ધૈર્યથી કેવી પાંગરે !
વ્યવહારે શું સંસારે ધીરજનું મહત્ત્વ છે ! ૬

નથી ધીરજ જેનામાં, કશામાં ફાવી ના શકે,
ને ધીરજ વિનાનો જે, કુશળ વર્તી ના શકે. ૭

ધીરજ કારણે યોગ્ય સ્વસ્થતા દિલ શી ઝગે !
ધાંધલિયાપણું સર્વ ઓગળે ધૈર્યના ગુણે. ૮

હાંફળોફાંફળો ના તે થતો કદીય જીવને,
કળા વિચારવા યોગ્ય મળે ધીરજ કારણે. ૯

ધીરજ ઊગી જેનામાં વર્તતી જીવને પૂરી,
ડગ ઉતાવળિયું તે ભરી ના જ શકે કદી. ૧૦

સ્થિરતા સર્વ કાર્યોમાં યોગ્યાયોગ્યપણું બધું
-યોગ્ય વિચારથી પૂર્ણ ધીરજ કારણે ઊગે. ૧૧

ધીરજ ગુણને લીધે અન્યાય કોઈને જગે-
ત્વરિત કરી ના બેસે એવો એનો પ્રભાવ છે. ૧૨

માત્ર ધીરજના ગુણ, શક્તિ શી તે જીવંત છે !
ધીરજ મેળવી જેણે તેને તે પારખી શકે. ૧૩

સંયમ આપમેળેયે ધીરજે કેળવાય છે,
કાબૂ વાણી પરે કેવો પ્રગટે ધૈર્યના ગુણે ! ૧૪

'સમજવાનું બીજાને પૂરું યોગ્ય રીતે સદા'
ગુણ તે કેળવાતો છે, ધીરજ કેળવાય જ્યાં ! ૧૫

ધીરજ ધારતાં કેવો લાભ જીવનમાં થતો !
પ્રત્યક્ષ આચરે તેને તે પરખાય છે બધો. ૧૬

ધીરજ ધારતાં કેવો લાભ જીવનમાં થતો !
આચરતાં જતાં પામે યોગ્ય શિક્ષણ તે બધું. ૧૭

ધીરજ કેળવાયાથી કર્મકૌશલ્ય ઊગતું,
અકલ્યાણ થવામાંથી ઊગરવાનું શું થતું ! ૧૮

ધીરજ એકલો માત્ર ગુણ જો કેળવાય છે,
સમજવાની શી તેને ચાવી જીવનની મળે ! ૧૯

ધીરજ શીખવે જેવું, તેવું બીજું ન શીખવે,
ધીરજ રાખતાં તેથી શીખવું શું જરૂરી છે ! ૨૦

કર્યો છે કેળવ્યા કેવો ધીરજે જીવને મને !
એના શા ગુણ હું ગાવું ! નમું ધીરજને હૃદે. ૨૧

કેવી ધીરજ જન્માવે ! વિવેક યોગ્ય રીતનો,
પડે ધીરજથી મોળું સૌ ઉતાવળિયાપણું. ૨૨

ધાંધલિયાપણું ખોટું ધીરજ તો મુકાવશે,
કશી વાતે અધીરાઈ ધૈર્યવાળો ન રાખશે. ૨૩

કર્મે તત્પરતા યોગ્ય, કૌશલ્ય કર્મ યોગ્ય શું
-ધૈર્યથી કેળવાયે છે ! એવા અનેક ગુણ સૌ. ૨૪
ધીરજ કેળવાઈ છે જેનામાં યોગ્ય રીતની
-કાળક્ષેપ નકામો તે કરી ના શકતો કદી. ૨૫
ધીરજ કેળવાઈ છે જેના જીવનમાં ખરી,
તેને નિશ્ચિતતા પાકી જીવનમાં શી ઊગતી ! ૨૬
જે વિકાસક હો યોગ્ય ગુણ સૌ નિશ્ચયાત્મક,
ધીરજ ગુણ સેવાતાં, સેવાતાં જાય તે દિલ. ૨૭
સમજણો, મડાગાંઠો, પૂર્વગ્રહો અનેકયે,
-ધીરજ છોડવા તે તે કેવી સમર્થ થાય છે ! ૨૮
ધીરજ ગુણને લીધે સ્વસ્થતા કેવી પાંગરે !
ધૈર્યને કારણે શાંતિ જીવને જળવાય છે. ૨૯
ધીરજ કેળવાતાં તો પાસાં સૌ કર્મનાં બધાં
-એને નિહાળવાકેરી કુનેહ વધતી તદા. ૩૦
ધીરજ રાખતાં શીખી વર્તને જે ઉતારતાં,
સબૂરી કેવી તે પામે ! લાધે જીવન ધન્યતા. ૩૧
ધીરજને પમાતાં શું અસ્વસ્થપણું જે બધું
-ઓગળી જાય છે મેળે ! પામે જીવન તે નવું. ૩૨
ધીરજ શિખવાડે જે પાઠ કેવા નવા નવા !
પ્રસંગોમાં રખાવે તે સ્થિર, પાર ઉતારવા. ૩૩
જેવું તેવું ન ચાલે છે ધૈર્યને કશું જીવને,
જે તે બધું વ્યવસ્થિત, એને યોગ્ય બધું ખપે. ૩૪

## અધ્યાય ૮ : ધર્મના પાલને ખીલે

(અનુષ્ટુપ)

જેના જીવનમાં પૂર્ણ ત્યાગ ને પરમાર્થ છે,
તેવાના જીવને ધર્મ પ્રવર્તેલો ગણાય છે. ૧

પળાતો ધર્મ જો હોય સાત્ત્વિક ગુણ જીવને
-તેનામાં પ્રગટેલા સૌ હોવા જ ઘટતા ખરે. ૨

ધર્મના પાલને કેવાં ગુણ ને શક્તિ, ભાવના
-પાંગરતાં જતાં લાગે જીવને તે ખરેખરાં ! ૩

ધર્મના પાલને ખીલે જો ના માનવતા જરા,
તે છે ના ધર્મ, એને તો ધતિંગ જાણજો સદા. ૪

શક્તિ, ખમીર, ખુમારી, મર્દાનગી, ટટારીયે,
ધર્મના પાલને ઑર શાં મઘમઘતાં ખીલે ! ૫

ધર્મના પાલને યોગ્ય જીવવું ધન્ય લાગતું,
તેવા ખુવારી છો વ્હોરે, ખુવારી તે કમાણી છે. ૬

ધર્મના પાલને મૃત્યુ ભલેને આવતું જુએ,
હર્ષે વધાવી લે પોતે ધર્મનું તે શહૂર છે. ૭

તેજસ્વીપણું કેવુંયે ધર્મના પાલને ઊગે !
ધર્મપાલનથી ઊંડો વિવેક યોગ્ય સાંપડે. ૮

કર્મ, અકર્મ, નિષ્કર્મતણો તે ભેદ જીવને
-ધર્મપાલનથી ઊગે, કેવો સ્વધર્મ સૂક્ષ્મ છે ! ૯

ધર્મને જીવતાં યોગ્ય જેને આવડતું હશે,
તેવાના જીવનકેરી સુરખી કોઈ ન્યારી છે ! ૧૦

શી વર્તનકળા યોગ્ય ધર્મપાલનથી ઊગે,
વર્તતાં વર્તતાં ધર્મ ધર્માતીત થવાય છે ! ૧૧

❋

## અધ્યાય ૯ : પરિણામતણી આશા

(અનુષ્ટુપ)

પરિણામતણી આશા જે સેવે મન ધ્યેયમાં,
નિરાશા દિલ તેવાને સાંપડવાની નિશ્ચયે. ૧

નિરાશા લાગતાંયે શો ઊંડો જે વેગ દિલનો
-આપમેળે ઘટી જાય, મોળો ઉત્સાહ થાય શો ! ૨

ધ્યાન તો ખાસ હૈયામાં રાખવાનું જ કે સદા,
કેમેય કરતાં, ના તે નિરાશા દેવી પેસવા. ૩

ભાંગ્યો ઉત્સાહ જો હૈયે એકવાર જરાતરા,
તેવો તો દિલમાં પાછો જાગવાનો ન છે તદા. ૪

પરિણામતણું હૈયે વિચાર્યા તે વિના કશું,
કર્મ વિકાસનું જે તે કર્યાં કરવું નિત્યનું. ૫

રોટલા રળવા કાજે કલાક દસ નિત્યના,
ગાળે કેવો સદા મસ્ત થૈ લગાતાર દિલમાં ! ૬

એવોયે ના ભલીવાર ધ્યેયનાં કર્મને વિશે,
છતાંયે માનવી કેવો ઇચ્છે છે પરિણામને ! ૭

પરિણામતણી આશા સેવતાં સેવતાં ખરે,
પરિણામ વિશે ચિત્ત માનવીનું સર્યાં કરે. ૮

પરિણામતણા કેવા વિચારો ચિત્ત ઊઠતા !
ધ્યેયનાં કર્મમાંથી શા પૂરા પ્રાણ ઊડી જતા ! ૯

તેથી શ્રેયાર્થીએ કર્મ હર્ષે, ખંતે, વિકાસનું
-કર્યાં જ કરવાનું છે, સરખું એકધારું શું ! ૧૦

પરિણામતણી ચિંતા કર્યા વિના જ, કર્મને
-પ્રભુપ્રીત્યર્થ નિષ્કામે ઉમંગે કરવું ઘટે. ૧૧

અનાસક્ત થયા વિના વિચારો પરિણામના
-રોકાવાના નથી રોક્યા, જાણવું નિશ્ચયે સદા. ૧૨

❋

## અધ્યાય ૧૦ : સાધના કર્મને વિશે

(અનુષ્ટુપ)

તેથી શ્રેયાર્થીએ ધ્યેયે પ્રવેશી, જીવને તદા
-કામક્રોધાદિને મોળા પાડવાનું કરો કર્યા. ૧

કામક્રોધાદિ સંપૂર્ણ હઠ્યા વિના કદીય તે
-સાંપડે ના અનાસક્તિ કેમેયે કરી જીવને. ૨

રાગદ્વેષાદિથી તેથી છોડવું વર્તવાનું ને,
તેવું કર્મ થવા કાજે ભાવ જરૂરનો જ છે. ૩

સ્મરણ, પ્રાર્થના, ભાવે કીર્તનો શાં કર્યાં કરી,
થયેલું, થતું કૈં જે તે નિવેદ્યાં પ્રભુને કરી,
સન્મુખ જીવતો હૈયે રાખીને દોરનારને
-આત્મનિવેદનો ભાવે સંભળાવ્યાં કરો તમે. ૪-૫

પ્રભુના નામને પ્રેમે સ્મર્યાં કરો નિરંતરે,
ને એમાં રત ર્‌હેવાથી ભાવ કેવો ઊગ્યો જશે !
ભાવ એવા થકી ધૂન કેવી દિલ કરે રમ્યા !
ધૂનની કેવી મસ્તીની જામે છે એકતાનતા ! ૬-૭

'ભાવ' તો કેવું ભાથું છે જીવને ઉપયોગનું !
કર્મ શાં સાધનાનાં તે કર્યાથી ભાવ જન્મતો. ૮

ઉત્તમોત્તમ હો કર્મ ભાવ વિનાનું કિંતુ જે,
ધ્યેય વિકાસને કાજે ઉત્તમ કર્મ તે ન છે. ૯

'ભાવ વિનાનું જે કર્મ જીવન ના ફળાવશે,
સાધના કર્મમાં તેથી 'ભાવ' શો અનિવાર્ય છે !' ૧૦

પ્રાર્થના, કીર્તનો ભાવે મસ્તીથી કરવાથી તે
-ભાવ કેવો સ્ફુરે હૈયે ! જાણીતું આપણું જ છે. ૧૧

ભાવના જાગવાથી શા અનાસક્ત થવાય છે !
રાગદ્વેષ ઘટે જેમ શા સાધનાદિ કર્મમાં
-મેળે શો સ્ફુરતો 'ભાવ' ! અનુભવે જણાય ત્યાં. ૧૨

અભય, મૌન, એકાંત, નમ્રતા જીવને સદા
-ઘટે આચરવાં ખંતે સાધને ભાવ પ્રેરવા. ૧૩

નિરાગ્રહી થવાનું છે સૌ સમજણ વાતમાં,
છોડતા આગ્રહો ર્‌હેવું, વિચારી હેતુ દિલમાં. ૧૪

રાગદ્વેષાદિથી મુક્ત થવાનું એક બાજુથી,
સાધનાનાં કરો કર્મ ભાવથી બીજી બાજુથી. ૧૫

કરો સૌ ધ્યેયનાં કર્મ, રાગદ્વેષથી છૂટકો,
શો પરસ્પરનો મેળ એવો તે સાધવો રહ્યો. ૧૬

છૂટતાં રાગ ને દ્વેષ, ચઢવા જોમ શું વધે !
થવાતાં શું અનાસક્ત, ભાવ શો કર્મ નીતરે ! ૧૭

ભાવ, ઉત્સાહ સંપૂર્ણ સાધના કર્મને વિશે,
હૃદે ઉતારવા કેવી અનાસક્તિ જરૂરી છે ! ૧૮

સ્મરણ, પ્રાર્થનાદિ ને કીર્તનો ભજનોતણો
-શો રાજમાર્ગ છે ! પોતે સ્‌હેજે જે આચરાય છે ! ૧૯

બીજાં જે સાધનો હો છો શીઘ્રતા જે બતાવતાં,
ભૂમિકા કિંતુ તે કાજે સર્વની યોગ્ય ના સદા. ૨૦

જપાદિ સાધને તેથી મંડ્યા જવું નિરંતરે,
વધારે કાળ તો ગાળ્યા, તેમાં કરો જ નિશ્ચયે. ૨૧

એકના એક તે કર્મે મંડ્યા જેમ જશું હૃદે,
તેવું સૌ કરવાથી તે, તેની છાપ પડ્યા જશે. ૨૨

કંઈક કરવાની જો હોય અસર જીવને
તો આવાં કર્મની ઊંડી કેવી છાપ પડે હૃદે ! ૨૩

થવા ઝડપી ધ્યેયે તો યોગ્ય વિકાસ જીવને,
જ્વાળામુખી સમી ઉગ્ર જિજ્ઞાસા હોવી શી ઘટે ! ૨૪

જે તે કૈંક થવા કાજે તેના તે મૂળમાં હૃદે,
તેની તેની જ જિજ્ઞાસા જાગેલી હોવી જોઈશે. ૨૫

જિજ્ઞાસા તે વિના જાગ્યા થાય વિકાસ કર્મ ના,
કર્મ કર્યા કરો, ઊર્ધ્વ જિજ્ઞાસાને જગાડવા. ૨૬

થતાં તે સાધનાભાવ અખંડાકાર જીવને,
આપમેળે થતું ર્હેશે સૌ રૂપાંતર જીવને. ૨૭

સાધના કર્મને તેથી મહત્ત્વ આપી આપીને,
રહો આચરતા નિત્યે હૈયે ઉમંગ ધારીને. ૨૮

પ્રભુને ભજવા ભાવે, એને સ્મર્યા કરી હૃદે,
સન્મુખે ધારીને હૈયે એને જે તે કહ્યા જજે. ૨૯

સ્હેજે વીલો ન વ્હાલાને ઘડીયે મૂકવો કદી,
સંકેલી મન સંકોરી પદે વાળવું શું ચહી ! ૩૦

❋

## અધ્યાય ૧૧ : એવાં લક્ષણ જાણવાં

(અનુષ્ટુપ)

ધ્યાનાવસ્થા વિશે ઊંડું ઊંડાણ અવગાહન
-અંતરે ઊંડું ને ઊંડું જવાતું દિલ લાગતું,
તદાકાર થવાતાં ને પૂર્ણ એકાગ્રતા થતાં
-મળ, દોષ બધા સ્વચ્છ આપમેળે થતા જતા. ૧-૨

પાર્થિવ બંધનોમાંથી મુક્તિ સંપૂર્ણ જીવને,
ચિત્તની શાંતિ ને શાતા, એકાગ્રતા, પ્રસન્નતા,
અનાસક્તિ, નિરાગ્રહ, દૃષ્ટિ વૃત્તિની એકતા,
સાક્ષાત્કારતણાં થોડાં એવાં લક્ષણ જાણવાં. ૩-૪

વિચારમગ્ન સ્થિતિમાં ભાવે એકાગ્રતા થતાં,
ભાવનામાં ઊંડું ઊંડું ઉતરાતું જવાય ત્યાં,
વિચાર, વૃત્તિ, સંકલ્પ, અસ્તિત્વ ત્યાં કશાનું ના,
ભાવનું માત્ર અસ્તિત્વ કેવું સઘન હોય ત્યાં ! ૫-૬

શું સ્વાભાવિકતાથી ને સહજ કર્મ જીવને
-થતાં અનુભવાતાં રે', ભક્ત એને કૃપા ગણે. ૭

# અધ્યાય ૧૨ : જે છે કોઈ પહોંચેલો

(અનુષ્ટુપ)

સંકળાયેલ કર્મે તો વ્યક્તિ અનેક જીવને,
તેને સૌ સાથનો ભાવ હૈયાનો રાખવો પડે. ૧

સત્સંગે સોબતે જેને હર્ષ, ઉમળકો બઢે,
તેવાનું ભાવિ સંસારે યોગ્ય પ્રકારનું હશે. ૨

માનવાનું કર્યું જેને તેનામાં દિલ જો ન છે,
આત્મવિશ્વાસ તેનામાં જો ના, માનવું વ્યર્થ છે. ૩

સાંભળનાર સારો જો વાર્તામાં રંગ જામતો,
તેવું જીવનનું જાણો શ્રદ્ધા જીવંત દિલ જો,
જે છે કોઈ પહોંચેલો સંસારે વ્યવહારમાં,
તેની શી બોલબાલા છે ! જીતે સંસારમાં જ તે. ૪-૫

બીજાનો સાથ જો લેવા હૈયાથી ઈચ્છતા તમે,
તેનામાં તો પ્રવેશેલા પૂરા હોવા જ જોઈશે. ૬

જો સહકાર લેવાને બીજાનો ઈચ્છતા જ હો,
ત્યાં સહકાર હૈયાથી આપવો પડશે જ તો. ૭

આપણે દિલમાં જેને છે ચાહવાનું જીવને,
તેનામાં દિલ જો પૂરું જાગતું રે'તું તે ન છે,
તો પછી ચાહવાકેરી વાત તે ખાલી છે ખરી,
એમાંથી ના વળે કાંઈ જાણી લો નિશ્ચયે કરી. ૮-૯

ભક્તિની બુદ્ધિમાં જ્યારે પ્રતિષ્ઠા પૂર્ણ થાય છે,
બુદ્ધિના રંગ ત્યારે શા ઑર કૈં પલટાય છે ! ૧૦

પ્રકૃતિમાંની બુદ્ધિ તો ગમે તેટલી યોગ્ય હો,
મર્યાદા તોય તેને છે, પ્રજ્ઞા તે કેમ કે ન છે. ૧૧

જ્ઞાનને કોઈ સીમાડા ક્યાંય હોતા નથી કદી,
આભને કોઈ મર્યાદા તેવી રીતે ન છે કદી. ૧૨

પ્રેમના ભાવને ક્યાંય મર્યાદા કોઈયે ન છે,
મર્યાદા જે સીમાડાની પારનીયે જ પાર તે. ૧૩

## અધ્યાય ૧૩ : અનુભવી એકલો માત્ર

(અનુષ્ટુપ)

અરેરે ! રગદોળાતો હોવા છતાંય કાદવે,
તને પોકારવાકેરું મળ્યું સદ્ભાગ્ય શું મને !
'ફેરવાયો છું હું કેવો !' પ્રાર્થનાનો પ્રતાપ તે,
મારા જીવનનું હાર્દ તેથી તો પ્રાર્થના જ છે. ૧-૨

તપાવી અંગઉપાંગો પામવા ઘાટ શો નવો !
કૃપાથી શું મથાયું છે ! ભવ્ય તે ઈતિહાસ શો ! ૩

જીવનને ઘડાવાને જે સંપૂર્ણ બધી રીતે,
સોંપાયેલું જ તે હેતુ થકી તે કાર્યશક્તિ ને.
હવે નિશ્ચિતતા પૂરી જેનો પાર કદી ન છે,
પ્રભુની દિવ્ય શક્તિને નમસ્કાર હજાર છે. ૪-૫

શાંતિ અપાર સંપૂર્ણ આધારે શી છવાયેલી !
સમર્થ ભેદવા એને છે ના તાકાત કોઈની. ૬

ધૂણી ધખાવી વાળ્યું છે દૃઢ આસન જીવને,
પ્રકૃતિથી થવા મુક્ત પ્રભુની તે કૃપા વડે. ૭

નથી મચક આપી મેં આપ્યાં યુદ્ધ ઘણાં ઘણાં,
સંગ્રામ એકથી એક શા ભયંકર આવિયા ! ૮

ઊંડી એકાગ્રતાવાળી ઉત્સુકતાની જ જે પળ
-કીમતી કેટલી તેનું મૂલ્ય કોણ કરી શકે ? ૯

પૂર ઉત્સુકતાનું શું ધોધની જેમ ઊમટે !
પ્રવાહ શક્તિનો એવો થયો વ્‌હેતો જ શો પટે ! ૧૦

આનંદોલ્લાસનું વ્‌હેણ ધોધમાર ધસી ધસી
-ઊતરી આવતું લાગે, ખાળ્યું ખળાય ના જરી. ૧૧

નીરવતા શી નિઃસ્તબ્ધ એકાકારપણે બધે
-પ્રસરી રોમરોમેયે ઊંડી અણુ અણુ વિશે,
પ્રતિષ્ઠિત થવા एणे યજ્ઞ પૂર્ણ સનાતન
-માંડેલો, અંત જેનો ના, એ તો નિત્યે પુરાતન. ૧૨-૧૩

નીરવતા શી સંપૂર્ણ સજીવ ચેતનાભરી,
ઊભરાતી ચિરંજીવી છલકાતી છલોછલ,
મર્યાદા પારની પાર ધસમસે શી દિવ્યતા ! ૧૪

ભવ્યતા કાવ્ય પ્રત્યક્ષ સૌંદર્ય શું અલૌકિક !
વ્યક્ત સ્વરૂપમાં જાણે ઊતરી આવતું હૃદ. ૧૫

અનુભવ નિઃસંદેહ કેવું ગૌરવથી ભર્યું
-જીવન આખું લાગ્યું જે આનંદે છલકાયેલું. ૧૬

તે કાળની મહત્તાને માનવી શેં પિછાનશે ?
અનુભવી એકલો માત્ર મહત્ત્વ એનું પ્રીછશે. ૧૭

બે જાતના ભિખારી છે : એક તો છે બહારનો,
બીજો અંતરનો જે છે, તેનું ના ભાન કોઈને. ૧૮

❋

## પરિશિષ્ટ : ૧

# ગુણ નિરૂપણ

### સત્ત્વ

(અનુષ્ટુપ)

સ્વભાવ વિશ્વનો છે શો ! વસ્તુઓની વિવિધતા
-એવી વિવિધતામાંયે પાર્થક્યમહીં સર્વદા
-વિભક્ત વસ્તુઓમાં જે એકત્વભાવનો હ્રદે
-અપૃથકત્વતણો પાછો સત્તાનો, અવિભક્ત જે
-અનુભવાય જે રીતે, તેને સાત્ત્વિક જાણજે. ૧-૩

સાત્ત્વિક જ્ઞાનથી માત્ર જે તે વિભક્ત વસ્તુમાં
-છે અવિભક્ત જે સત્ય, તેનું દર્શન થાય ત્યાં. ૪

અનેક એકબીજાથી વસ્તુઓ ભિન્ન ભિન્ન ત્યાં
-અખંડ એકના ભાવ-નું તત્ત્વ સમજાય ત્યાં. ૫

ભેદો અનેકમાં કેવા સત્તાના જે અભિન્ન છે,
અનુભવ થતો જેથી જ્ઞાન, સાત્ત્વિક તે ખરે. ૬

પરસ્પર અનેકે શી લહરીઓ સમુદ્રમાં !
એક જ જળ છે કેવું ભરેલું ભરપૂર ત્યાં ! ૭

પ્રત્યેક લહરી કેવી એકબીજાથી ભિન્ન છે !
છતાંયે તેમનામાં તો સત્તા શી જળ એક છે ! ૮

વિભિન્ન લહરીઓમાં જળરૂપે અભેદ જે,
સત્તારૂપી રહ્યું જ્ઞાન, તેને સાત્ત્વિક જાણજે. ૯

સુવર્ણનાં ઘરેણાં સૌ ભિન્ન ભિન્ન પ્રકારનાં
-સત્તારૂપે છતાં સોનું એકનું એક હોય ત્યાં,
ભિન્ન ભિન્ન ભલે લાગે છતાં તેમાંય એકને
-પારખી, તે પ્રમાણે લ્હે, જ્ઞાની સાત્ત્વિક જાણજે.૧૦-૧૧

એક જ માટીમાંથી તો અનેક વસ્તુ શી બને !
વસ્તુ પ્રત્યેકનું પાછું અસ્તિત્વ ભિન્ન ભિન્ન છે. ૧૨

છતાં વસ્તુ બધીમાંહે સત્તા માટીની એક છે,
'એકત્વ જે અનેકોમાં જોવું' સાત્ત્વિક જ્ઞાન તે. ૧૩

કપાસમાંથી કંતાયે અનેકવિધ સૂતર,
વણાયાં કપડાં તેથી અનેકવિધનાં જગ,
કેવી વિવિધતા વસ્ત્રો છતાં કપાસરૂપી છે !
જે એકરૂપ સત્તા તે, સાત્ત્વિક જ્ઞાન જાણજે.૧૪-૧૫

બધાં માનવ પ્રાણી સૌ કીટ, પક્ષી, પશુ જગે,
છે પરસ્પર શાં ભિન્ન અખંડ* જીવતત્ત્વ તે. ૧૬

બધાંનામાં રહેલું છે સૌ તે તત્ત્વથી જીવે,
જીવનું એવું એકત્વ, જ્ઞાન સાત્ત્વિક છે ખરે. ૧૭

વિવિધ પ્રાણીઓમાં જે જીવનની સમાનતા
-જોઈ વર્તવું તેવું તે, સાત્ત્વિક જ્ઞાન દિલમાં. ૧૮

---

*ચેતન અવતરણ થતાં થતાં પ્રકૃતિનાં વિવિધ પાસાંમાં અને જુદાં જુદાં ક્ષેત્રોમાં પ્રગટેલું છે તે.

સંપૂર્ણ વિશ્વની ભિન્ન સૌ વસ્તુઓતણી પૃથક્
-સત્તામાં એવી, આત્માનો, શો અવિભક્ત ભાવ જે
-જેથી જણાય, એવું તે સાચું સાત્ત્વિક જ્ઞાન છે. ૧૯

સાત્ત્વિક જ્ઞાનનો અર્થ સ્પષ્ટ સમજવો ઘટે,
અહીંયાં 'જ્ઞાન'નો અર્થ નિષ્ઠા બૌદ્ધિક જાણજે. ૨૦

જે અનુભવ પ્રત્યક્ષ આધારે★ થાય છે હૃદે,
બધાંયે કરણોમાં શો તે પ્રસરી અનુભવે ! ૨૧

સાત્ત્વિક જ્ઞાનનો અર્થ સમજ તે પ્રકારમાં
-પૂર્ણ વિશ્વાસ બેઠો છે, છે શ્રદ્ધા જાગી મૂળમાં. ૨૨

જેમાં તેમાં બધે एक તે વિના કૈં બીજું ન છે,
એવો બૌદ્ધિક વિશ્વાસ બેઠેલો છે જ एहने. ૨૩

તે સમજણ હૈયામાં સંપૂર્ણ ઊતરી જઈ,
ચસી તેથી શકે ના તે કેમયે કરતાં કદી. ૨૪

સાત્ત્વિક જ્ઞાનમાં પૂર્ણ અનુભવ થયો ન છે,
કિંતુ તેમાંથી પામે જે તે અનુભવ ઈષ્ટ છે. ૨૫

गुण ने शक्ति સાત્ત્વિક જ્ઞાનમાં વધતાં જતાં,
ભાવ તેમાંથી જન્મીને અખંડાકાર તે થતાં,
ચેતનાનો હૃદે ઊંડો શો અનુભવ તે સમે
-સાત્ત્વિક જ્ઞાનવાળાને ધીરે ધીરે થતો જશે. ૨૬-૨૭

---

★આધાર-એટલે કર્મેન્દ્રિય, જ્ઞાનેન્દ્રિય, મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્-વ્યક્તિનું વ્યક્તિત્વ.

સાત્ત્વિક જ્ઞાન જે તેમાં પરોક્ષ જાણવાનું તો
-અનુભવ નથી સત્ત્વે, ચેતને અપરોક્ષનો. ૨૮

અનુભવદશા પ્‌હેલાં સાત્ત્વિક જ્ઞાનભૂમિકા
-થયા વિના જ સંપૂર્ણ ના અનુભવ થાય છે. ૨૯

સાત્ત્વિક જ્ઞાનભૂમિકા તેથી તો અનિવાર્ય ત્યાં !
શાંતિ, પ્રસન્નતાની શી ભૂમિકા એની થાય ત્યાં ! ૩૦

એમાં અખંડતા જાગ્યે, ભાવની ગાઢતા થતાં,
પ્રાદુર્ભાવ થતો કેવો ! ચેતનાનો હૃદે તદા. ૩૧

ઇંદ્રિયો, ★કરણોકેરા પ્રકૃતિમાં સ્વભાવના
-બધાય ગુણધર્મો જે સત્ત્વમાં બદલાય ના. ૩૨

ઇંદ્રિયો પોતપોતાના પ્રકૃતિગુણ, સત્ત્વમાં
-ગુણધર્મે ઠરેલી ર્‌હે, છે ઉધમાત ના કશા. ૩૩

અહિંસા, સત્ય ને ધૈર્ય શાંતિપૂર્ણ પ્રસન્નતા,
કશાથી તે ઘવાયે ના, સત્ત્વ તે જાણ તું તદા. ૩૪

'શી અભ્યાસમાં પૂર્ણ, વૈરાગ્યે પૂર્ણ જીવન,
મંડાયેલી શી એકાગ્ર ને જેની દૃષ્ટિ કેંદ્રિત
-પોતાનામાં જ તે ર્‌હે છે, એકધારો જીવંત જે,
ધ્યેયાકારે જ સંપૂર્ણ અખંડ', સત્ત્વ જાણ તે. ૩૫-૩૬

કોઈ પણ અવસ્થામાં જેને વિષાદ થાય ના,
'કશાથી ભય ઉત્પન્ન થતો ના' સત્ત્વ જાણ ત્યાં.

---

★મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્‌.

બુદ્ધિ, ધૃતિ, કરુણા શાં મેધા, નિર્દંભતા, ક્ષમા !
જીવન નિઃસ્પૃહતાયુક્ત, જેનાં સૌ કર્મ 'યજ્ઞ' છે,
વિનય, ધર્મનો ભાવ જેમાં, સત્ત્વગુણી જ તે. ૩૭-૩૮

શમદમાદિ સૌ ગુણો ખીલેલા છે ખરેખરા,
અધ્યાય સોળમાના સૌ સત્ત્વે ગુણો ખીલેલ શા ! ૩૯

પૂર્ણબ્હારે જ શા ગુણો પૂર્ણતામાં ખરેખરા !
જીવંત જીવને કેવા ફાલેલા છે બધે તદા. ૪૦

છતાંય જીવને એને અનુભવ થયેલ ના,
કેમ કે તે ગુણાતીત સંપૂર્ણ છે થયેલ ના. ૪૧

અનુભવની કક્ષાની પાસે નજીક છેક તે,
કિંતુ સત્ત્વનો ગુણ કૂદવો દોહ્યલો પથે. ૪૨

શાતા, પ્રસન્નતા, શાંતિ કેવાં મઘમઘી રહ્યાં !
આવું હોવા છતાં પાછું, સાક્ષિત્વ ઊગ્યું છે જ ના. ૪૩

સત્ત્વના ગુણવાળો જે રાચે ફંદે ગુણોતણા,
'ગુણોથી તે જુદો ના શો !' તે અનુભવ ના કદા. ૪૪

ગુણોથી શું ગુણોમાં તે આનંદે રાચવું ગમે,
શા તરબોળ ને લીન ! શા એકાકાર તે ગુણે ! ૪૫

જીવને હોય છે પૂર્ણ એકાકાર અનુભવી,
છતાં પાછો જ તેથી ર્‌હે, જુદો કેવો તર્યા કરી ! ૪૬

એવું સાક્ષિત્વ સત્ત્વે તો ઊગી તે શકતું નથી,
સત્ત્વના ગુણ પામેલો તેથી અનુભવી નથી. ૪૭

જેને ઉમંગ, ઉત્સાહ, ખંત, ઉદ્યમ કર્મમાં
-ધ્યેયને સાધવામાં છે જેને શી એકતાનતા ! ૪૮

શો નિર્ણય પરિપૂર્ણ થવા નિત્ય મરી મથે,
જીવને ખંતીલા એવા, અંતે ફતેહ મેળવે. ૪૯

જીવને પાર વિનાનાં મુશ્કેલી, વિઘ્ન આપદા,
તેને ઓળંગવા શૂરો ઉમંગે શો થતો ફના ! ૫૦

પોતે જોવું જ પોતાનું, ઊંડામાં ઊંડું ખોજવું,
ર્‌હે મશગૂલ પોતામાં સત્યને પૂર્ણ પામવું. ૫૧

એવા માનવી કેવા તે નશામાં ચકચૂર છે !
એકતાનપણું એને વરેલું ભરપૂર છે ! ૫૨

જીવનઘડવૈયા તે થાક્યા વિના મથ્યા કરે,
પૂર્ણતા મેળવી પોતે, ધન્ય કેવા થયા કરે ! ૫૩

ધારેલું પાર પાડે તે, તત્પરતા વરેલ છે,
સદાયે મસ્ત શા ઘૂમે ધ્યેયને વરવા હ્રદે ! ૫૪

બેસી ર્‌હે નવરા ના તે, આરપાર થવા મથે;
એકલા માત્ર પોતામાં એકતાન રહ્યા કરે. ૫૫

આમ કે તેમ ના જુએ નાકની દાંડી સામને
-એકધારી ટશે કેવા ધ્યેયે મસ્તાન દિલ છે ! ૫૬

ધૈર્ય, નિશ્ચિંતતા, શાંતિ, પૂર્ણ પ્રસન્નતા હ્રદે,
જ્ઞાન સાત્ત્વિક તે જાણો, હૈયે આનંદ પૂર્ણ છે. ૫૭

શાતા જીવનમાં જેને નીરવતા વરેલી છે,
જ્ઞાની સાત્ત્વિક તે જેને શોકહર્ષ સમાન છે. ૫૮

પ્રાપ્ત જે કર્મને યજ્ઞભાવે આચરીને પદે,
પાછું સમર્પી સૌ દે છે, તેને સાત્ત્વિક જાણજે. ૫૯

ગડભાંજ કશી વાતે જેને મુદ્દલ થાય ના,
શાંત રીતે વિચારી સૌ ઉકેલ તે કરે કર્યા. ૬૦

ગભરાટ ન કૈં થાય, સ્વસ્થતા શી અખંડ છે !
પોતે પોતામહીં રાચી અંતરે મશગૂલ છે. ૬૧

જેનો એકાગ્રતા ભાવ કશાથી ના ઘવાય છે.
કર્મે, જે કર્મનો હેતુ, કર્મનો ભાવ, નિત્ય છે. ૬૨

## રજસ

પૃથક્ભાવનું કે જ્ઞાન, ભેદનું જ્ઞાન અંતરે,
પ્રત્યેકના જુદા જુદા ભાવનો જે અનુભવ
-જેનાથી થાય, તેને તો જ્ઞાન તે જાણ રજસ. ૧

સૂક્ષ્મમાં સૂક્ષ્મ જે ભેદ પ્રત્યેક ભૂતને વિશે,
રાજસ જ્ઞાનથી તેવું અનુભવાય જીવને. ૨

વધારે ભેદ સર્વત્ર એકબીજા વિશે હૃદે,
તેથી સંપ રહેવો તે કેવો અસંભવિત છે ! ૩

રાજસ દૃષ્ટિથી કેવો ભેદ નિર્માણ થાય છે !
ને તે નિત્યે વધે કેવો કુસંપમાં પરિણમે ! ૪

રાજસ દૃષ્ટિવાળાનો જેમાં તેમાંય ભેદ જે
-મહત્ત્વ આપી આપીને ક્લેશ ઊભો કરે દિલે. ૫

મુખ છે એક તોયે ત્યાં, રાજસ દૃષ્ટિયુક્ત જે
-આંખ ને કાન ને નાક છે સૌને ગાલ, શિર છે,
-એવું જુદું જુદું પોતે એકને બદલે જુએ,
એકને કરી વિભિન્ન, જુદાં જુદાં રૂપે જુએ. ૬-૭

જે એક છે છતાં તેમાં ભિન્ન ને ભિન્ન નીરખે,
તેને તો ભેદવાળું તો જે તે લાગ્યા કરે જગે. ૮

ભિન્ન ભિન્ન તરીકે તો એકત્વને હૃદે જુએ,
તેને એકત્વનો ભાવ કેમે કર્યો ઊગે ન તે. ૯

કરે એકત્વનું ભિન્ન પ્રતિપાદન નિત્ય તે,
શાંતિ, પ્રસન્નતા, તેને ઊગી ક્યાંથી શકે હૃદે ? ૧૦

હાલ બેહાલ એવાના જીવને શા થયા કરે !
છતાંય તે ન ચેતે છે, બૂરા હાલે જગે મરે. ૧૧

કરે ઘણા વિચારો તે, ઠામનો ઠામ ર્હે છતાં,
એને કર્તવ્યમાં મીંડું, ર્હે ખાલી તે તરંગમાં. ૧૨

ઊંચી ઊંચી કરે વાતો, કશી ના એકતાનતા,
કશાનામાં ભલીવાર એનામાં કદી હોય ના. ૧૩

ચસે ના ડગલું એક, ચાલે આગળ ના કશે,
ચાલ્યું જાણે ઘણુંયે હો એવો શો ડોળ એહને ! ૧૪

ક્યાંયનો ક્યાંય ઘૂમે શો નકામા તે વિચારમાં !
ઘોર પ્રમોહના કેવા નશે ર્‌હે ચકચૂરમાં ! ૧૫

તેવા ગાફેલ ર્‌હે પૂરા સાવધાનીનું ભાન ના,
'રાખવી સાવચેતીયે' તેનો ખ્યાલ ઊગે જ ના. ૧૬

મોહાદિયુક્ત એવાની ખુમારીનો ન પાર છે,
જેમ તેમ વિતાવે શા ખાલી દિવસ જીવને ! ૧૭

છંછેડાઈ જ શો જાય જરાક અપમાનમાં !
મળે માન થતો કેવો ફુલાઈ ફાળકો તદા ! ૧૮

જાણતો હોય ના તોયે શો તે તે જાણવાતણો
-કરે છે ડોળ, એવો તે મિથ્યાભિમાની જાણવો. ૧૯

જરાક જેટલું પોતે કરેલું હોય છે છતાં,
'અથાગ દરિયો ખૂંદ્યો હોય' તેમ વદે સદા. ૨૦

સૂઝ જેને ઊગે છે ના કર્મકેરા ઉકેલની,
યદ્વાતદ્વા છતાં હાંકે રાખે તેવા જ માનવી. ૨૧

પરાયણ નર્યા સ્વાર્થે આંધળા થઈ શા ભૂલે !
ડાહ્યા છતાંય પોતાને માની માની ફૂલ્યા કરે. ૨૨

બધાં આગળ પોતાનું મહત્ત્વ તે બતાવવા,
બડાશો મારી મારી શો ભવાઈ કરતો મહા ! ૨૩

ધમાલ ખાલી ખાલી તે સદાયે શો કર્યા કરે !
તે કશાનોય કેમેયે લાવી ઉકેલ ના શકે. ૨૪

જેને પોતાનું ના ભાન કશાનુંય કશા વિશે,
ડહાપણ છતાં ડો'ળે બધાંમાં માથું મારીને. ૨૫

બડાશો કેટલી હાંકે કરેલાં નિજ કર્મની
-તેના વિશે હૃદે જ્યાં ત્યાં મ્હાલ્યા કરે વખાણથી ! ૨૬

કરી શકે ન નિર્માણ કંઈ કશાનું આગવું,
પોતાને તે છતાં કેવો માને મહાન દિલ શું ! ૨૭

આવડત કશા વિશે યોગ્ય પ્રકારની નથી,
છતાં આવડતકેરો એનો શો ફંદ આપથી ! ૨૮

ધાંધલ ખાલી ખાલી તે સદાયે શો કર્યા કરે !
એક ને એક ઠામે ર્હે, આગળે ના વધી શકે. ૨૯

તે કશાનોય કેમેયે લાવી ઉકેલ ના શકે,
એને નિશ્ચિંતતા કેવી ! એને અશાંતિ ઊપજે. ૩૦

કંકાસ, કજિયા જેને રહે શા જીવને સદા !
અસંતુષ્ટ સદા એવો જેમાં તેમાં બધે તદા. ૩૧

સંસારે એની કેવી છે પ્રવૃત્તિઓ ધમાલની,
ધાંધલ તે કર્યા વિના ચાલે એને નહિ કદી. ૩૨

આડફંટે જતો હોય છતાંય શો દઢાવતો !
જ્ઞાનાનુભવમાં તે સૌ, દાંભિક સૌ રીતે ઊંડો. ૩૩

આમથી તેમ તે કર્મે અફળાયા કરે સદા,
તેવાનો તો ભલીવાર કશાનામાં થતો જ ના. ૩૪

સંસારે વ્યવહારે તે આજ કે કાલ નિશ્ચયે,
-પકડાયા વિના ર્‌હે ના, ખુલ્લો કેવો પડી જશે ! ૩૫

એકાંગી, એકલક્ષી ને એકના એક ક્ષેત્રમાં
-રમી શકે ન તે પોતે એવો રજસ્ સ્વભાવ, હા ! ૩૬

'એકના એક તે ક્ષેત્રો મગ્ન પૂરેપૂરા થવું',
રજોગુણે ન છે શક્ય થવું તેમ પૂરેપૂરું. ૩૭

શા જાતજાતના એના ઉધામા તો અનેક છે !
થવા પૂરું ન આવ્યું હો એક, ત્યાં બીજું આદરે. ૩૮

નિવેડો ના પૂરેપૂરો કશાયે એકનો પથે
-રજોગુણ ના લાવે છે, એવી એની ગતિ ખરે ! ૩૯

★તાડન કરવાકેરી જેમાં વૃત્તિ પ્રચંડ છે,
સુખેચ્છા ખૂબ, ને દંભ, કામુકતા વૃત્તિ ભોગવે,
અધીરતા, અહંકાર, ઐશ્વર્યકારણે अहम्,
પરિભ્રમણ વૃત્તિ શી ! એવો શો તે રજોગુણ. ૪૦-૪૧

'પદાર્થની પરે સત્તા મળે, તેવા જ જીવને
-સફળતા મળેલી શી પોતે તો સમજે હૃદે !
સફળતા મળે કેવી તેની ભૂખ બઢ્યા કરે,
મથે મેળવવા ઑર' તે રજોગુણ જાણજે. ૪૨-૪૩

લોભ જે છે ભભૂકેલો તેને તૃષ્ણા જ જાણવી,
એકાગ્ર, સંયમી શો તે હોય જીવન ઉદ્યમી ! ૪૪

---

★સ્થૂળ અને સૂક્ષ્મ બંને.

થવા જે લક્ષ્યની સિદ્ધિ રજસ્ કેવો મથ્યા કરે !
કિંતુ આડે જ ત્યાં આવે અહં રજસ્નું મોખરે. ૪૫

સંઘર્ષ તે કરે પેદા કેવા કેવા જ જીવને !
શા ક્લેશ તેથી જન્માવી અશાંતિમાં ઘુમાવશે. ૪૬

રજસ્ના છે છડીદાર શાં તૃષ્ણા લોભ જીવને !
રજોગુણે ન શક્તિ છે જીતવા પૂર્ણ તેમને. ૪૭

લોભ, તૃષ્ણાનું તો કેવું તારુણ્ય તે અખંડ છે !
આયુષ્યની સાથ તે ખીલે પ્રાબલ્ય વધતું દીસે. ૪૮

હિંમત, બુદ્ધિ ને શૌર્ય, નમાલા ગુણ શા બધા !
રજોગુણ વિશે કેવાં વિદ્યા, વિવેક પાંગળાં ! ૪૯

આશા તૃષ્ણાતણા લોભે દોડાદોડ કરી મૂકે,
વધુ મેળવવા ઇચ્છે રજોગુણ સ્વભાવ તે. ૫૦

રજોગુણથી પ્રેરાયાં તૃષ્ણા, મોહાદિ લોભ જે,
મુક્તિ મેળવવી તેથી કેવું મુશ્કેલ જીવને ! ૫૧

સૌ તૃષ્ણા, મોહ, લોભાદિ આત્મકલ્યાણ માર્ગમાં
-જો એકવાર લાગી તે જાય, બેડો જ પાર ત્યાં. ૫૨

જે ભોગલક્ષી તૃષ્ણાદિ, અધ્યાત્મલક્ષી ઝંખના
-જ્યારે તે પ્રગટી જાય, રજસ્ ઓગળી જાય ત્યાં. ૫૩

## તમસ

કાર્યકારણનો જેમાં ના યથાયોગ્ય બોધ છે,
સત્ય તત્ત્વતણો બોધ જેમાં યોગ્યપણે ન છે,

ને સંપૂર્ણપણે જેમાં આસક્તિ વૃત્તિ પૂર્ણ છે,
તામસ જ્ઞાન તું એને જાણી લેજે તદા દિલે. ૧-૨

તામસ જ્ઞાન સંપૂર્ણ અજ્ઞાન, નક્કી જાણજે,
ચોંટાડી કળણે રાખે, તે મિથ્યા જ્ઞાન જાણજે. ૩

પ્રત્યેક વસ્તુને વિશે કલ્પના વિપરીત જે,
તામસી મન આરોપે, જેમાં તેમાં ઊંધું જુએ. ૪

'પોતાનો મત સાચો છે', ઊંચા સાદેથી તે કથે,
માંડે છે લડવા કેવો પોતા સાથે ન જે ભળે ! ૫

અંશમાં પૂર્ણ હોવાની ભાવનાનો અનુભવ
-તામસી શો કરે ને તે ઠેરનો ઠેર ર્‌હે પથ. ૬

સુખ વધારવા પોતે પોતાનું જ મથ્યા કરે,
ગેરલાભ થતાં તેથી બીજાને તે, ન તે જુએ. ૭

સંપૂર્ણ બદલે અંશ, સંપૂર્ણ માનીને હૃદે,
તેની સંતુષ્ટિ માટે શો અન્યનેય ખરે હણે ! ૮

ફેરફૂદડી પોતે શો એકની એક પાછળ,
-ફર્યાં તે કરતો ર્‌હે છે ! છતાં ત્યાંનો જ ત્યાં પથ. ૯

આગળ શો વધેલો છે, એમ માન્યા કરી હૃદે !
ફુલાયે આપમેળે ને, તે છે તામસી જીવને. ૧૦

પ્રમાદી, આળસુ નિદ્રાશીલ કેવો પૂરેપૂરો,
વિચારોની જ શી માત્ર તંદ્રામાં તે રહે પડ્યો. ૧૧

નિંદિત કર્મમાંથી જે વિના સુખની વાંછના
-તમોગુણીતણા દિલે રાચતી શી રહે સદા ! ૧૨

સર્વ પ્રકારનું કેવું મૂઢત્વ છે જ જીવને !
અજ્ઞાન છે પૂરેપૂરું, છતાં તેનું ન ભાન છે. ૧૩

તમોગુણનું 'અજ્ઞાન' તે અયથાર્થ જ્ઞાન છે,
કેવો ક્રોધાંધતાથી તે મૂઢતાથી સડ્યા કરે !' ૧૪

'યથાર્થ ભાન સંપૂર્ણ જેને પોતા વિશે નથી,
યદ્વાતદ્વાપણું જેમાં' જાણ, પોતે તમોગુણી. ૧૫

## ઉપસંહાર

ત્રણે ગુણો રહેલા છે પ્રત્યેકના જ જીવને,
પોતે ખોળવું પોતામાં કયો ગુણ વિશિષ્ટ છે. ૧

તમસ્‌માંથી કદી સત્ત્વે પ્રવેશી તો શકાય છે,
તમસ્‌માંથી શું ઓચિંતું સત્ત્વગુણે જવાય છે ! ૨

ને રજસ્‌માંથી તો કિંતુ સત્ત્વે પ્રવેશ ના મળે,
રજસ પ્રવૃત્તિ તો એક-ની એક ના કર્યાં જશે. ૩

અનેક કર્મમાં પોતે પેસી ધાંધલ આચરે,
'ધાંધલ તે કરે' એવું એને ના જ્ઞાન હોય છે. ૪

જે તમસ્ ગુણવાળો છે સાધને સ્મરણાદિના
-એકધારો ટકે પોતે જળવાઈ, ધીમે છતાં.
ભલે એમાં ન ઉત્સાહ, જોશ વેગ પૂરાં ન હો
-'પૂંછડું પકડેલું તે' તેવો મૂકી ન દે પથે. ૫-૬

ભલે કરે ધીમે ધીમે હાથ લીધેલ કર્મ તે,
ખંત, ઉત્સાહ છો મોળા કિંતુ પકડી રાખશે. ૭

પકડી રાખવાકેરી એને સભાનતા ન છે,
કિંતુ સ્વભાવને લીધે કર્મને વળગી રહે. ૮

ખંત, ઉદ્યમ ને ધૈર્ય, સાહસ, હિંમતે હૃદે,
-તેને સંપૂર્ણ છો ના હો, ભલે ધીમે ધીમે ધપે. ૯

તીવ્ર જેટલું તે હોય રાજસયુક્ત જીવને,
જોશ તામસવાળાને એવું ખાસ ન હોય છે. ૧૦

અનેકાનેક કર્મોમાં ધસમસ્યો રહ્યા કરે,
એક પૂરું થયું ના હો, બીજે ત્યાં દોડવા ચહે. ૧૧

વળી ધમાલ ને એનાં ધાંધલ ભારી હોય છે,
જ્યારે તામસવાળાને તેવું ક્યાંય કશું ન છે. ૧૨

કાચબાની ગતિ જેમ તામસ તે ભલે દડે,
ગમે જ્યાં ત્યાં જવા એને જાગે ઉત્કટતા ન તે. ૧૩

નજીવો સ્થિર શો પોતે તામસયુક્ત જીવ તે !
દોડંદોડી નથી એને રાજસ જેવી ક્યાંય તે. ૧૪

નર્યા વિચાર વિચાર રજસ્‌ને શા ચગ્યા કરે !
ક્યાંનો ક્યાંય ઊડે કેવો ! ચોંટવા જાય કૈંકને. ૧૫

ફળીભૂત થયું જ્યાં ના એક, ત્યાં પકડે બીજું,
ફેરફૂદડી શી એવી રજસ્‌ની, કેવું કૂદવું ! ૧૬

તમસ્‌નું તેથી તો કેવું ઊલટું છે બધી રીતે,
થોડુંક વળગી રે'વા તમસ્‌ને શક્યતા પથે. ૧૭

વળગી જેટલું ર્‌હે છે તમસ્ તેટલું રાજસ
-કદી તેવી રીતે પાછું શકે ના વળગી પથ. ૧૮

ઠરીને ઠામ ક્યાંયે ના ઠેકાણે એક બેસી ર્‌હે,
કૂદકા મારવા કેવા રજસ્‌ને ગમતા હૃદે ! ૧૯

ઉદ્‌ભવાવે જ તે પ્રશ્ન કોયડા શા નવા નવા !
પોતે ગૂંચાય, બીજાને નાંખે ગૂંચવી તે સદા. ૨૦

તમસ્‌ને તેવું ત્યારે ના, ચકલી ફૈડકા સમું
-એનું તે ચાલવાનું છે, રજસ્‌થી સ્થિર કૈં ખરું. ૨૧

સ્વભાવ રજસ્‌નો ભારે કેવો ચંચળ હોય છે !
દૃષ્ટિ દોડાવવાની શી જ્યાં ત્યાં એને જ ટેવ છે ! ૨૨

જ્યારે તમસ્‌નું ના એવું ઠંડોગાર સ્વભાવ છે,
એનામાં શક્યતા તેથી રે'વા વળગી સ્‌હેજયે. ૨૩

निश्चये जीव એવો જે आज के काल જીવને
-સત્ત્વગુણી થવાનો છે, નિશ્ચયે જાણવું હૃદે. ૨૪

॥ હરિઃૐ ॥

## પરિશિષ્ટ : ૨

# પ્રાર્થનાઓ

(અનુષ્ટુપ)

સહાનુભૂતિનું તત્ત્વ આત્મીયતા જ જીવને
-પ્રાર્થનાથી દઢીભૂત થાય છે દઢ નિશ્ચયે. अ

અત્યંત વ્યગ્રતા થાય વાતાવરણ એવું જ્યાં,
ભજન પ્રાર્થનાદિનું ભાવે સાધન લેવું ત્યાં. आ

❋

(અનુષ્ટુપ)

'ખબરદારી, ખુમારી, ખમીર ગુણ જીવને
-જીવતાં પ્રગટેલાં હો' એવી છે પ્રાર્થના તને. ૧

'ધૈર્ય, સાહસ ને હામ જીવન વ્યવહારમાં
-જીવતાં ટકજો નિત્યે', તને છે મુજ પ્રાર્થના. ૨

'સદ્ભાવ હો બધાં પ્રત્યે, અસૂયા, દ્વેષ, વેર તે
-જીવને મુજને ના હો' પ્રાર્થના એવી છે તને. ૩

'કોઈને કાંઈ અન્યાય થજો જીવનમાં નહિ,
સહેવાજો જ અન્યાય કરેલો કોઈનો ચહી.' ૪

'યદ્વાતદ્વા કશું કાંઈ અમારાથી થજો નહિ,
ગોટાળા, ગડભાંજોમાં પડાજો ના અમો થકી.' ૫

‘કૈં ઉદ્વિગ્ન થતાં ચિત્ત જગાજો ત્યાં સફાળું ને,
પ્રસન્નચિત્ત રે’વાને મથાજો અમથી હૃદે.’ ૬

‘ટંટો, ક્લેશ, અશાંતિથી આવરાઈ જતાં દિલ,
તેનું ભાન થજો તીવ્ર’ એવી છે પ્રાર્થના તને. ૭

‘મળેલાં કર્મમાં લક્ષ ટકાવાને પૂરેપૂરું
-મથાજો અમથી ખંતે પાર ઉતારવા રૂડું.’ ૮

‘કર્મ જે કરવાનું છે જીવંતું લક્ષ તે વિશે
-એકધારું રહો મારું’ એવી છે પ્રાર્થના તને. ૯

‘ઊંડી એકાગ્રતા હૈયે ટકે સોંસરવી નરી,
યત્ન જાગ્રત એવા તે થયા સૌ કરજો ચહી.’ ૧૦

‘દુઃખોની ને અનિષ્ટોની અનિચ્છનીય એવી જે
-આંધીમાંથી કૃપાથી તું પાર ક્ષેમ ઉતારજે.’ ૧૧

‘આંતરજાગૃતિ પાકું થવા ઉત્થાન જીવને,’
એવા જીવનહેતુનું જાગજો ભાન તો હૃદે. ૧૨

રચ્યાપચ્યા રહેવાજો સદાયે મસ્ત કર્મમાં,
કદી પ્રમાદ સેવાજો મારાથી સ્હેજ વાર ના. ૧૩

‘આગ્રહો ને મડાગાંઠો, ટેવ, સમજણો બધું
-થવા નિર્મૂળ મારાથી મથાવા પ્રેરજો, પ્રભુ !’ ૧૪

‘સ્વસ્થતા જળવાઈને પ્રસન્નચિત્ત શાંતિ ને
-શાતા, એકાગ્રતા પૂર્ણ પ્રભુ, પ્રસરાવજે હૃદે.’ ૧૫

કર્યાં કરું બધું જે તે પ્રભુપ્રીત્યર્થ ભાવથી,
સમર્પણ થતાં તે તે કરાજો પદમાં સ્તવી. ૧૬

હૃદય, મન ભક્તિથી રંગાયેલાં રહો પદે,
ચિત્ત, બુદ્ધિ, અહં, પ્રાણ ઠરો તે પાદપંકજે. ૧૭

આડુંઅવળું જોવાતાં આડફંટે જતાં મન,
તને છે પ્રાર્થના મારી 'રોકજો, તુજ તે પદ.' ૧૮

વિપત્તિ, સંકટો સામે મર્દાનગીથી મુજને
-ટકી ર્હેવા ટટારીથી પ્રેરજો શક્તિ જીવને. ૧૯

વિઘ્ન, મુશ્કેલી, આપત્તિ, સંસારે આવવાની છે,
માથું ઊંચું રખાવાને તે વેળા હામ પ્રેરજે. ૨૦

❋

## અપેક્ષા રહિતની પ્રાર્થના

(અનુષ્ટુપ)

પાર પાડવું ધારેલું, તે તો શ્રીપ્રભુ હાથ છે,
એટલી પ્રાર્થના મારી, સાધન અણમોલ છે. ૧

કિંતુ જે માંગીએ તેથી ઊંધું જો પરિણામ હો,
પ્રભુની ભેટ જાણીને સ્વીકારી હર્ષ સાથ લ્યો. ૨

**-શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# નિત્ય કરવાની પ્રાર્થના

## ૧. શૌચ જતી વેળાની પ્રાર્થના

(ક) 'મનની ગ્રંથિઓ સૌ ને પ્રાણની કામના સહુ,
દેહની જડતાઓને દૂર તું કરજે, પ્રભુ !'

(ખ) 'કામ, ક્રોધ, મદ, મોહ, લોભ ને મત્સર મારાં જાજો.'
'હૈયેથી સૌ દૂર થજો મુજ એષણાઓ.'

## ૨. કચરો-પૂંજો કાઢતાં-વાસણ ઊટકતી વેળાની પ્રાર્થના

'થાજો, પ્રભુ ! મનહૃદય મમ સ્વચ્છ આવાં.'

## ૩. કસરત કરતી વેળાની પ્રાર્થના

(ક) 'આધાર શુદ્ધિ કરજે તવ યંત્ર થાવા,
દે પ્રેમભક્તિ શ્રદ્ધા હનુમાન જેવાં.'

(ખ) આત્મકલ્યાણ અર્થે આ સ્વાસ્થ્ય શુદ્ધિ ક્રિયા થજો.

## ૪. પાણી-ચા-દૂધ વગેરે પ્રવાહી લેતી વેળાની પ્રાર્થના

'આવો હૃદે જીવન ચેતનશક્તિ આવી.'
'જાગો હૃદે જીવન ચેતનશક્તિ આવી.'

## ૫. ધ્યાનમાં બેસતાં પહેલાં કરવાની પ્રાર્થના

'કૃપાગંગા તારી નીરવ કરજો મુજ મન પ્રભો.'

## ૬. પૂજા-પાઠને અંતે, ધ્યાન-જપને અંતે કરવાની પ્રાર્થના

'જે કંઈ થયા સહુ કરે તવ શક્તિથી એ,
ને પાછું તે પદ સમર્પણ સૌ કરાજો.

**૭. જમતી વેળાની પ્રાર્થના**

'સ્વીકારી પ્રભુ અલ્પ અર્ઘ્ય કરજો શુદ્ધિ સહુ કોષની,
ચેતાવો હ્દશક્તિ મુજ જીવને શી ચેતનાથી ભરી !'

**૮. નદી-સરોવરમાં નાહતી વેળાની પ્રાર્થના**

(ક) 'વ્હેજો હ્દે જીવન ચેતનશક્તિ આવી.'
(ખ) 'વ્હેજો હ્દે પુનિત પ્રેમપ્રવાહ આવો.'

**૯. હરતાંફરતાં કરવાની પ્રાર્થના**

'સંપર્ક શાશ્વત હજો તવ ચેતનાનો,
પ્રેમ-ભક્તિ-ભાવ દઢવી હ્દ જોડી રાખો.'

**૧૦. દવા પીતી-લેતી વેળાની પ્રાર્થના**

'સ્વાસ્થ્ય કલ્યાણ અર્થે આ વ્યાધિનાશ દવાથી હો.'

**૧૧. રાત્રે સૂતી વેળાની પ્રાર્થના**

'જે મારી સર્વ જડતા ઊંઘમાં ન હોજો,
નિદ્રામહીં હ્દય ચેતન તારું રે'જો,
તારી સ્મૃતિ પ્રભુ ! મને ઊંઘમાંય હોજો,
ને તારું ધ્યાન હ્દ તે સમયે મને ર્હો.'

**૧૨. શંકાકુશંકા વગેરે થાય ત્યારે કરવાની પ્રાર્થના**

જે જે શંકા કુશંકાઓ જે પૂર્વગ્રહ બુદ્ધિના,
કૃપાથી સૌ હઠાવીને પ્રેરજો શુદ્ધિ બુદ્ધિમાં.
થવાને ભાન હૈયાથી પ્રભુ તારા વિશે મને,
મથાવીને કૃપાથી તે પ્રેરજો ભક્તિ, હે હરે !

## ૧૩. જન્મદિને કરવાની પ્રાર્થના

(શાર્દૂલવિક્રીડિત)

આ, જે જન્મ, શરીરનો નવ ગણો, તે જન્મ તો પામવા
-દૈવીભાવ પ્રભુતણો જીવનમાં, તેની પ્રતિષ્ઠા થવા;
પામ્યા સ્થૂળ નહિ નિરર્થકપણે એ સૂક્ષ્મ ચેતાવવા,
એવું ભાન થયા કરો હૃદયમાં એવી હજો પ્રાર્થના.

## ૧૪. ચોપડાપૂજન-લક્ષ્મીપૂજન કરતી વેળા કરવાની પ્રાર્થના

(શાર્દૂલવિક્રીડિત)

લક્ષ્મીનો ઉપયોગ યોગ્ય બનતાં, શક્તિ બને લક્ષ્મી તે,
તેનું ભાન જગાડવા જીવનમાં, પૂજાવિધિ આ ખરે !
ધર્મે જે વપરાય લક્ષ્મી જીવને, સદ્‌બુદ્ધિ પ્રેરાવતી,
ને સંસ્કાર સ્ફુરાવીને જીવનમાં આનંદ રેલાવતી.

જે લક્ષ્મી સુખ નિત્ય વૈભવ અને ઐશ્વર્ય દે પૂર્ણદા,
તે લક્ષ્મી અજવાળજો જીવનને તે લક્ષ રે'જો સદા

(અનુષ્ટુપ)

પરમાર્થ અને સ્વાર્થ બંનેનો મેળ જીવને
પ્રેરાવવા મળી લક્ષ્મી વપરાજો રૂડી રીતે.

### ૧૫. જનકલ્યાણની સેવા કરવાની પળે રાખવાનો ભાવ

(અનુષ્ટુપ)

બીજાઓના ભલા સારુ ઉઠાવાજો બધો શ્રમ,
સ્વાર્થહેતુ ન તેમાં હો સેવાનો તે ખરો ક્રમ.
સેવાનો ભાવ હો કર્મે કર્મ તે ભાવનિષ્ઠ છે,
કર્મ ભાવથી સિંચાઈ તેવાં કર્મ થજો ખરે !
જીવનને ઊંચે આણી પ્રેરાવો દૃષ્ટિ જીવને.
પ્રભુપ્રીત્યર્થ એ સેવા થજો જીવનભાવથી,
ઊર્ધ્વ જીવનને પ્રેરી આકાશે રાખજો ચહી.

### ૧૬. સ્વજનના મૃત્યુ બાદ ગત જીવાત્માના શ્રેયાર્થે બની શકે તો ૧૩ દિવસ*, રોજ સવારસાંજ કુટુંબીઓ સાથે સમૂહમાં અથવા એકાકી કરવાની પ્રાર્થના

(શિખરિણી-મંદાક્રાતા)

ગયેલા આત્માને મનહૃદયથી આપજે શાંતિ પૂરી,
બધી રીતે એનું પ્રભુ ! કરવજે સર્વ કલ્યાણ શ્રીજી !
બધા જીવો સાથે ગત જીવનમાં જે થયેલો સંબંધ,
કરાવી દ્યો એને સહુ તરફથી સાવ નિશ્ચિંત મુક્ત.

**- શ્રીમોટા**

**॥ હરિઃૐ ॥**

---

* 'શ્રીમોટા સાથે વાર્તાલાપ', આઠમી આ., પૃ. ૨૫, ૪૦

## સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી.... ૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવનઅંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતીમહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં,
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇંદ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમરોમે, હૃદયકેરા લોહીમાં,
રગરગમહીં, નખશિખમહીં,ને શરીરના નવદ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૬

ખટ રસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણામહીં, પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું,
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં.... ૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા ઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવનભાતમાં,
રસીલું વણાયા ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.... ૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં,
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશામાંહે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો....૧૦

પ્રિય નામ - સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો,
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયા૧રૂપે તુજ પ્રેમની....૧૧

સારાય જીવનપટતણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા,
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુપદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા...૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું.
હીરા કને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું....૧૩

'શ્રીગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ - **શ્રીમોટા**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથેસાથે હૃદય પ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતવન સહ ભાવાત્મક ભાવનું રટણ.
૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.
૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.
૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.
૫. आग्रहो--પ્રભુચિંતવન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.
૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.
૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે.પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.
૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.
૯. પર (પારકાની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?
૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.
૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.
૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો, ફળની આસક્તિ છોડો, પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દૃઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દૃઢતર કર્યા કરો, તાટસ્થ્ય, સમતા અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વ્યવહારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદૃચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતવન રહ્યાં કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો.

- **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**

સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,

માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** 'તુજ ચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી** '૩૨ દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણ તણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિ તણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET
('તુજ ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND
('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle
('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કેન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)
આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી
થયેલાં ૧૫ સંકલનો.